MANOGAT • Year 43 • Issue 23 • 10 March 2025 • Fagan Sud 11, Samvat 2081 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28



# मनोगत




## આ ક્ષણને કોઈ
## શબ્દોની જરૂર નથી

# ભારતીય જનતા પાર્ટી જિલ્લા-શહેર પ્રમુખશ્રીઓ
# ગુજરાત પ્રદેશ

| ક્રમ | જિલ્લો/શહેર | નામ |
| --- | --- | --- |
| ૧. | વલસાડ | શ્રી હેમંતભાઈ કે. કંસારા |
| ૨. | નવસારી | શ્રી ભુરાલાલ એમ. શાહ |
| ૩. | સુરત શહેર | શ્રી પરેશકુમાર આર. પટેલ |
| ૪. | વડોદરા શહેર | ડો. જયપ્રકાશ એમ. સોની |
| ૫. | દાહોદ | શ્રી સ્નેહલભાઈ ધારીયા |
| ૬. | આણંદ | શ્રી સંજયભાઈ આર. પટેલ |
| ૭. | અમદાવાદ જિલ્લો | શ્રી શૈલેષભાઈ એ. દાવડા |
| ૮. | ગાંધીનગર જિલ્લો | શ્રી અનિલભાઈ પટેલ |
| ૯. | સાબરકાંઠા | શ્રી કનુભાઈ જી. પટેલ |
| ૧૦. | મહેસાણા | શ્રી ગીરીશભાઈ રાજગોર |
| ૧૧. | બનાસકાંઠા જિલ્લો | શ્રી કિર્તીસિંહ વાઘેલા |
| ૧૨. | જામનગર શહેર | શ્રીમતી બીનાબેન કોઠારી |
| ૧૩. | જામનગલ જિલ્લો | શ્રી વિનોદભાઈ ડી. ભંડેરી |
| ૧૪. | રાજકોટ શહેર | ડો. માધવ કે. દવે |
| ૧૫. | રાજકોટ જિલ્લો | શ્રી અલ્પેશભાઈ જી. ઢોલરીયા |
| ૧૬. | મોરબી | શ્રી જયંતિભાઈ પી. રાજકોટીયા |
| ૧૭. | જુનાગઢ શહેર | શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા |
| ૧૮. | અમરેલી | શ્રી અતુલભાઈ કાનાણી |
| ૧૯. | ભાવનગર શહેર | શ્રી કુમારભાઈ શાહ |
| ૨૦. | ભાવનગર જિલ્લો | શ્રી દિગવિજયસિંહ એ. ગોહિલ |
| ૨૧. | બોટાદ | શ્રી મયુરભાઈ એમ. પટેલ |
| ૨૨. | સુરેન્દ્રનગર | શ્રી હિતેન્દ્રસિંહ પી. ચૌહાણ |
| ૨૩. | ભરૂચ | શ્રી પ્રકાશકુમાર એન. મોદી |
| ૨૪. | નર્મદા | શ્રી નીલભાઈ પી. રાવ |
| ૨૫. | મહીસાગર | શ્રી દશરથભાઈ બારિયા |
| ૨૬. | અરવલ્લી | શ્રી ભીખાજી ડી. ઠાકોર |
| ૨૭. | પાટણ | શ્રી રમેશભાઈ સિંધવ |
| ૨૮. | કચ્છ | શ્રી દેવજીભાઈ એચ. વરચંદ |
| ૨૯. | દેવભૂમિ દ્વારકા | શ્રી મયુરભાઈ આર. ગઢવી |
| ૩૦. | ગીર સોમનાથ | ડો. સંજયભાઈ કે. પરમાર |
| ૩૧. | જુનાગઢ જિલ્લો | શ્રી ચંદુભાઈ જે. મકવાણા |
| ૩૨. | ડાંગ | શ્રી કીશોરભાઈ એમ. ગાવિત |
| ૩૩. | સુરત જિલ્લો | શ્રી ભરતભાઈ આર. રાઠોડ |
| ૩૪. | તાપી | શ્રી સુરજભાઈ વસાવા |
| ૩૫. | છોટાઉદેપુર | શ્રી ઉમેશભાઈ રાઠવા |



Year : 43, Issue : 23, Pages : 28



**તંત્રીસ્થાનેથી**

## ગીતા પ્રેસ અને અખંડ આનંદ
## ધર્મ સંસ્કૃતિનાં પ્રકાશનો સમાજને સતત પ્રબોધિત કરતાં રહે તે જ પરમ આનંદ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ તેમ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં આવેલા ગીતા પ્રેસમાં વર્ષોથી થતું આવ્યું છે. માન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રધાનમંત્રી બન્યા પછી ગીતા પ્રેસની મુલાકાતો લીધી. ટ્રસ્ટ દ્વારા સતત ચિંતા અને ચિંતન થતું રહ્યું. પુસ્તક પ્રકાશનને એક નવી ગતિ મળી અને સદ્‌ભાગ્યે આજે ગીતા પ્રેસ સુંદર રીતે ધાર્મિક અને સાંસ્કૃતિક પુસ્તકો અભૂતપૂર્વ રીતે પ્રકાશિત કરી રહ્યું છે.

એવી જ રીતે અહીં ગુજરાતમાં સસ્તુ સાહિત્ય દ્વારા વર્ષોથી અખંડ આનંદ મેગેઝિન તથા ધાર્મિક અને સાંસ્કૃતિક પુસ્તકો પ્રગટ થતાં હતાં. કમનસીબે ૨૦૦૨થી આ પ્રકાશનો કોઈ ને કોઈ કારણોથી અટકી ગયાં હતાં. આ ટ્રસ્ટમાં તાજેતરમાં કેન્દ્રના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ટ્રસ્ટી બન્યા અને એકસાથે ૨૪ પુસ્તકો પુનઃ પ્રગટ કરવામાં આવ્યાં છે. પુનઃ મુદ્રિત થયેલાં આ પુસ્તકો ખરા અર્થમાં આ દેશની સંસ્કૃતિનું સાચું પ્રગટીકરણ એ રીતે પણ છે કે આ પૈકી કેટલાંક પુસ્તકો તો ૪૦મી, ૮૦મી કે ૧૦૦મી વખત પુનઃ મુદ્રિત થઈ રહ્યાં છે. આ બાબત જ ગુજરાતની પ્રજાની શ્રદ્ધા, સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યેની સાચી વિભાવના પ્રગટ કરે છે. આ પુસ્તકો વધારે ને વધારે લોકમાનસને પ્રકાશિત કરતાં રહે અને નવી પેઢીને વાંચન તરફ આગળ વધારે તે સ્વાભાવિક રીતે જ અપેક્ષિત છે.

આપણી સરકારો અને આપણી વિચારધારાના લોકો જ્યાં પણ હોય ત્યાં તેઓ આપણી સંસ્કૃતિની વિરાસતની ચિંતા હંમેશાં કરતા જ રહે છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે કેદારનાથ ધામ જવા માટેના ૪૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સોનપ્રયાગથી છેક સુધી બનનારા રોપ વેને મંજૂરી આપી છે તે પણ દેશની ધર્મસંસ્કૃતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત છે. આ બધી બાબતોના પરમ આનંદ સાથે આવો, આપણે સૌ પણ આપણાથી જ્યાં પણ અને જે પણ રીતે આપણા ધર્મજગત માટે, આપણી સંસ્કૃતિ અને વારસા માટે જે કંઈ પણ કરી શકીએ તે કરવા માટે કટિબદ્ધ બનીએ. સતત ચાલી રહેલા આ મહાયજ્ઞમાં આપણે પણ આપણી આહુતિ આપતા રહીએ તેવી શુભ ભાવના સાથે,

વંદે માતરમ્

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા દિવસ નિમિત્તે નવસારીમાં લખપતિ દીદી સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મહિલાઓ માટે રૂ.450 કરોડથી વધુ સહાયનું લોકાર્પણ કર્યું

વૈશ્વિક નેતા અને દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદીના આજે ગુજરાત પ્રવાસનો બીજો દિવસ છે. આજે મહિલા દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નવસારીના બોરસી ખાતે લખપતિ દીદી સંમેલન કાર્યક્રમ અંતર્ગત સંબોધન કર્યુ હતું. જનસભા સ્થળે પહોંચતા પહેલાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ભવ્ય રોડ-શો યોજાયો હતો જેમા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા મોટી સંખ્યામાં જિલ્લાના લોકો ઉપસ્થિત રહી ઢોલ-નગારાં અને પારંપરિક નૃત્ય સાથે ઉષ્માભેર સ્વાગત કર્યું તો વડાપ્રધાનશ્રીએ પણ સૌને હાથ જોડીને અભિવાદનનો સ્વીકાર કર્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી ઉપસ્થિત લખપતિ મહિલાઓએ આદરણીય વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને સખી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોડક્ટ અર્પણ કરી સ્વાગત કર્યું. આ કાર્યક્રમમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 હજારથી વધુ સ્વ-સહાય જૂથોની 2.5 લાખથી વધુ મહિલાઓને રૂ.450 કરોડથી વધુની સહાયનું લોકાર્પણ કરવામાં આવ્યું.

વૈશ્વિક નેતા અને પ્રધાન સેવકશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધરતીથી દેશની મહિલાઓને મહિલા દિવસની



### મહાકુંભમાં મા ગંગાના આશિર્વાદ મળ્યા હતા અને માતૃશક્તિના મહાકુંભમાં મને માતા-બહેનોના આશિર્વાદ મળ્યા છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

શુભકામના પાઠવતાં સંબોધન કરતાં જણાવ્યું કે, થોડા દિવસ પહેલાં મહાકુંભમાં મા ગંગાના આશીર્વાદ મળ્યા હતા અને આજે માતૃશક્તિના મહાકુંભમાં મને આશીર્વાદ મળ્યા છે. મહાકુંભમાં માતા ગંગાના આશીર્વાદ મળ્યા અને આજે આપ સૌ માતા-બહેનોના આશીર્વાદ મળ્યા છે. આજે મહિલા દિવસ ગુજરાતની મારી માતૃભૂમિ અને મોટી સંખ્યામાં જે મહિલાઓ ઉપસ્થિત રહ્યાં છે તેમને નતમસ્તક થઈને વંદન કરું છું. આજે અહીં ગુજરાત સફળ અને ગુજરાત મૈત્રી બે યોજનાનો શુભારંભ થયો છે. અનેક યોજનાઓના રૂપિયા મહિલાઓના ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા છે જે માટે પણ મહિલાઓને અભિનંદન.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજના દિવસને મહિલાઓને સમર્પિત કરતા વધુમાં જણાવ્યું કે, આપણા સૌ માટે મહિલાઓ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરવાનો દિવસ છે. મહિલાઓ પાસેથી કંઈક શીખવાનો દિવસ છે. આજના દિવસે ગર્વથી કહી શકું છું કે હું દુનિયાનો સૌથી ધનવાન વ્યક્તિ છું. મારા આ નિવેદનથી કેટલાય લોકોને ગમશે નહીં અને મને ટ્રોલ કરવાનું કામ શરૂ કરશે પરંતુ હું ફરી કહું છું કે હું





## લખપતિ દીદી સંમેલન એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશિપમાં બદલાઈ રહેલા નવા ભારતની તસવીર દર્શાવતો કાર્યક્રમ છે – શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિલાઓને વિશ્વ મહિલા દિવસની શુભકામના પાઠવતાં સંબોધન કરતાં જણાવ્યું કે, મહિલા દિવસ નિમિત્તે દેશની બહેનોના પરિશ્રમનુ ગૌરવ કરી વડાપ્રધાનશ્રીએ માતૃશક્તિની વંદના કરી છે. આજનો કાર્યક્રમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશિપમાં બદલાઈ રહેલા નવા ભારતની તસવીર દર્શાવતો કાર્યક્રમ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે સર્વાંગી વિકાસની એવી હરણફાળ ભરી છે કે લખપતિ દીદીનું સંમેલન યોજાયું છે. વડાપ્રધાનશ્રીએ સૌના સાથ, સૌના વિકાસનો જે મંત્ર આપ્યો છે તેમા નારી શક્તિના વિકાસ ને હમેંશા પ્રાથમિકતા આપી છે. મોદીએ ગુજરાતમાં પહેલી વખત મહિલા અને બાળ કલ્યાણનું અલગ કમિશન એક્ટ સ્થાપીને બહેનો માટે આયોજનબદ્ધ વિકાસનો પાયો નાખ્યો હતો. મોદીએ દિકરીઓના શિક્ષણ માટેની ચિંતા કરી જે માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો યોજયા. મહિલાઓ આત્મનિર્ભર બની તેમના પરિવાર માટે આર્થિક આધારસ્તંભ બની છે. મોદીએ મહિલાઓના હુનરને ઓળખી તેમની સમર્થ શક્તિને વધુ મજબૂત કરવા સખી મંડળનો વિચાર આપ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નારીશક્તિના વિકાસનો નવો યુગ શરૂ થયો છે. આ વર્ષે ટેક્સટાઈલ પોલિસીમાં પણ મહિલા રોજગારી અને મહિલા સ્વસહાય જૂથના સશક્તિકરણ માટે પ્રોત્સાહન આપ્યું છે. મોદીએ આપણને 2047માં વિકસિત ભારતનો સંકલ્પ આપ્યો છે તેને વિકસિત ગુજરાત થકી સાર્થક કરવા પ્રયાસ કરવાનો છે. પર્યાવરણની જાળવણી માટે એક પેડ મા કે નામ ની પ્રેરણા આપણને સૌને આપી છે તેમજ ભવિષ્યની જળસુરક્ષા માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવા કેચ ધ રેઈનનો સંકલ્પ આપ્યો છે. આજે સન્માનિત થયેલ લખપતિ દીદીઓ અન્ય બહેનો માટે આર્થિક અને સામાજિક ઉન્નતિની પ્રેરણા બનશે તેવો વિશ્વાસ છે.

દુનિયાનો સૌથી ધનવાન વ્યક્તિ છું. મારી જિંદગીના એકાઉન્ટમાં કરોડો માતા-દીકરીઓના આશીર્વાદ છે જે સતત વધી રહ્યા છે અને એટલે કહી શકું છું કે હું દુનિયાનો ધનવાન વ્યક્તિ છું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, આપણા શાસ્ત્રમાં નારીને નારાયણી કહેવામાં આવે છે. મહિલાઓનુ સન્માન એ સમાજ અને દેશના વિકાસનું પ્રથમ પગથિયું છે. વિકસિત ભારત બનાવવા ભારતના ઝડપથી વિકાસ માટે આજે ભારત મહિલાઓના વિકાસ માટે ઝડપથી આગળ વધી રહ્યું છે. અમારી સરકાર મહિલાઓના જીવનમાં સન્માન અને સુવિધા બંનેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. કરોડો મહિલાઓ માટે અમારી સરકારે શૌચાલય બનાવી તેમનું સન્માન વધારવાનું કાર્ય કર્યું છે અને ઉત્તર પ્રદેશના કાશીની બહેનો શૌચાલય શબ્દોનો પ્રયોગ નથી કરતા તે કહે છે તે આ તો મોદીજીએ ઇજ્જત ઘર બનાવ્યું છે. કરોડો મહિલાઓના બેંક ખાતા ખોલી તેમને બેંકીંગ વ્યવસ્થા સાથે જોડવાનું કાર્ય કર્યું, તો ઉજ્જવલા સિલિન્ડર આપી ધુમાડાથી બચાવ્યા છે. નોકરીયાત મહિલાઓને ગર્ભાવસ્થા સમયે ફક્ત 12 અઠવાડિયાની રજા મળતી હતી જેને સરકારે વધારી 26 અઠવાડિયા કરી આપ્યા. ત્રિપલ તલાકનો કાયદો લાવી મુસ્લીમ સમાજની બહેનોનું જીવન સુધારવાનું કામ કર્યું છે. કાશ્મીરમાં આર્ટિકલ 370 કલમ હતી ત્યારે ત્યાની મહિલાઓ ઘણા લાભોથી વંચિત રહેતી હતી અને અમે કલમ 370 રદ કરી મહિલાઓને મળવા પાત્ર તમામ અધિકારો આપવાનું કામ કર્યું છે. સંવિધાનનો ઢોલ પીટવાવાળા લોકો આંખો બંધ કરી બેઠા હતા, મહિલાઓને થતા અન્યાય તેમના માટે ચિંતાનો વિષય હતો જ નહીં. સંવિધાનનું સન્માન કેવી રીતે કરી શકાય તે મોદીએ કલમ 370ને દૂર



## મહિલા દિવસે મહિલાઓ માટેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું તે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મહિલાઓને સશક્ત કરવાનું જે કમિટમેન્ટ છે તે દર્શાવે છે – શ્રી સી. આર. પાટીલ

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રી શ્રી સી. આર. પાટીલજીએ મહિલા દિન નિમિત્તે લખપતિ દીદી સંમેલન અંતર્ગત મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને વંદન કરતાં સંબોધન કરતાં જણાવ્યું કે, મહિલા દિવસે મહિલાઓ માટેનો કાર્યક્રમ એ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું મહિલાઓને સશક્ત કરવાનું જે કમિટમેન્ટ છે તે દર્શાવે છે. મહિલાઓની સંકલ્પશક્તિ-પ્રેમ અને વિચારમાં દુનિયાને બદલવાની શક્તિ રહી છે આ શક્તિને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓળખી તેમના માટે વિવિધ યોજના લાગુ કરી મહિલાઓને તેમની શક્તિ દર્શાવવાની તક મળે તે કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. આ દેશમાં નારીશક્તિને મજબૂત કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારથી જ કામ શરૂ કર્યું હતું. મહિલાઓને 50 ટકાનુ રિઝર્વેશન આપી ગુજરાતમાં અલગ-અલગ જિલ્લામાં સત્તા સંભાળી જનસેવા કરવાની તક આપી છે. લોકસભા-વિધાનસભામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 33 ટકા અનામતનું બિલ લાવ્યા છે. આજના કાર્યક્રમમાં જે લખપતિ મહિલાઓ આવી છે તેમની સુરક્ષાની જવાબદારી પોલીસ સંભાળતી હોય છે પરંતુ મોદીએ મહિલાઓની સુરક્ષાનુ કામ મહિલા પોલીસ અધિકારીઓને સોંપ્યુ છે. આ પહેલો કાર્યક્રમ હશે જેમા પહેલી વખત મહિલા પોલીસ અધિકારીઓને સુરક્ષાની જવાબદારી આપવામાં આવી હોય. 15મી ઓગષ્ટ કે 26મી જાન્યુઆરીના દિવસે જે પરેડ થાય છે તેમા પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓને નેતૃત્વ સોંપ્યુ છે. આજના સમયમાં મહિલાઓ નેવી,ભૂમિદળ કે પાયલટ બનવાની સંખ્યા વધી છે.

કરી દેશના ચરણોમાં સમર્પિત કર્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2014ના વર્ષને યાદ કરતાં જણાવ્યું કે, વર્ષ 2014 પછી દેશના મહત્ત્વપૂર્ણ પદ પર મહિલાઓની ભાગીદારી ઝડપથી વધી છે. 2014 પછી કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલાઓ મંત્રી બન્યાં છે તો સસંદમાં મહિલાઓની સંખ્યામાં વધારો થયો છે. 2019માં પહેલી વખત 78 મહિલાઓ સંસદ તરીકે ચૂંટાઈને આવ્યાં હતાં. આપણી અદાલતોમાં ન્યાય પાલિકામાં મહિલાઓની ભાગીદારી વધી છે. આજે ભારત દુનિયામાં ત્રીજા નંબરનું સૌથી મોટુ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. ભારત અંતરિક્ષમાં સ્પેસ સાયન્સમાં ઊંચાઈઓને પ્રાપ્ત કરી રહ્યું છે જેમા પણ મહિલાઓની સંખ્યા વધી છે. દુનિયામાં સૌથી વધુ સંખ્યામાં મહિલા પાયલટ આપણા ભારતમાં છે. આપણું ગુજરાત મહિલાઓના વિકાસ માટે ઉત્તમ ઉદાહરણ છે, ગુજરાતે દેશને સહકારિતાનું સફળ મોડલ આપ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હતા તે સમયે કરેલ વિવિધ યોજના અંગે માહિતી આપતાં જણાવ્યું કે, ગુજરાતનો મુખ્યમંત્રી હતો ત્યારે મહિલાઓના હિતને ધ્યાને રાખી ચિરંજીવી યોજના, બેટી બચાવો અભિયાન, મમતા દિવસ, કન્યા કેળવણી રથયાત્રા, કુંવરબાઈનું મામેરું, સાત ફેરા સમૂહલગ્ન યોજના, અભયમ હેલ્પ લાઈન જેવી અનેક યોજના જાહેર કરી. જ્યારે નીતિ સાચી હોય તો મહિલાઓની શક્તિ કેવી રીતે વધે તે ગુજરાતે દેશને બતાવ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળજીવન મિશન અંગે જણાવ્યું કે, આજે દુનિયામા જળજીવન મિશનની ચર્ચા થઈ રહી છે. જળજીવન મિશનથી આજે દેશના ગામડે ગામડે પાણી પહોંચી રહ્યું છે. પાછલાં પાંચ વર્ષમાં લાખો ગામડાંમાં સાડા પંદર કરોડ ઘરો સુધી પાઈપથી પાણી પહોંચાડવામાં આવ્યું છે, આ યોજનાને સફળ કરવા મહિલાઓની



પાણી સમિતિ ગુજરાતમાં શરૂ કરી જે આખા દેશમાં શરૂ કરવામાં આવી છે. પાણીની સમસ્યાના સમાધાન અંગે વાત કરીએ તો પાણીને બચાવવું જરૂરી છે. આજે દેશભરમાં કેચ ધ રેઈન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વમાં દેશભરમાં ચાલી રહ્યું છે. નવસારીની મહિલાઓએ પણ વરસાદી પાણીના સંગ્રહ માટે ખૂબ સારું કમ કર્યું છે જે અંગે મને માહિતી આપવામાં આવી છે અને પાંચ હજારથી વધુ બોરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એક જિલ્લામાં આટલું કાર્ય થવું તે મોટી વાત છે. આ અભિયાન અંગે મને સી. આર. પાટીલે માહિતી આપી છે કે 2 થી 3 દિવસમાં વધુ 1100 બોરનું કામ થયું છે. નવસારી જિલ્લો રેઈન વોટર હાર્વેસ્ટીંગ યોજનામાં ગુજરાતમાં સૌથી વધુ આગળ રહેનાર જિલ્લો છે જે માટે નવસારીના લોકોને અભિનંદન પાઠવું છું. ગુજરાતની મહિલાઓનુ સામર્થ્ય કોઈ એક ક્ષેત્ર માટે સીમિત નથી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, દેશને નવી સંસદ મળી ત્યારે પહેલું કાર્ય નારીશક્તિ માટે કર્યું. નારીશક્તિ વંદનથી એક આદિવાસી સમાજની મહિલા અને આપણા દેશના રાષ્ટ્રપતિજીએ મહિલા અનામતના બિલને મંજૂરી આપી છે. ગાંધીજી કહેતા હતા કે ભારતનો આત્મા ભારતનાં ગામડાંમાં છે તેમાં એક પંક્તિ ઉમેરીને કહું છું કે ગ્રામીણ ભારતનો આત્મા ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં છે. આજે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઊભરી આવ્યું છે. દેશની આર્થિક પ્રગતિનો પાયો દેશની મહિલાઓએ જ સ્થાપ્યો છે. દેશની દસ કરોડથી વધુ મહિલાઓ 90 લાખથી વધુ સ્વસહાયતા સમૂહ ચલાવી રહ્યાં છે તેમાંથી 3 લાખ એકલા ગુજરાતમાં ચાલી રહ્યાં છે. અમારી સરકાર 3 કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. પાછલાં દસ વર્ષોમા અમારી સરકારે સેલ્ફ હેલ્પ ગ્રુપને વધુ મજબૂત કરવા તેના બજેટમાં પાંચ ગણો વધારો કર્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત સરકારે દસ લાખ મહિલાઓને લખપતિ દીદી બનાવવાના અભિયાનને શરૂ કર્યો છે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને શુભકામના પાઠવું છું. વડાપ્રધાન બન્યા પછી પહેલી વખત લાલ કિલ્લા પરથી સંબોધનમાં મેં કહ્યું હતું કે, જ્યારે દીકરી સાંજે ઘરે મોડી આવે તો માતા-પિતા તેના પર ગુસ્સે થાય છે. તેને ઘણા સવાલો કરે છે અને મેં સવાલ કર્યો હતો તો કે દીકરી મોડી આવે તો સવાલ કરો છો તો દિકરો મોડો આવે તો તેને પણ સવાલ કરવો જોઈએ. અમારી સરકારે મહિલાઓના સશક્તિકરણ માટે કામ કર્યું છે. મહિલાઓ સાથે થતા ગુન્હામાં ઝડપથી કોર્ટમાં સુનવણી થાય અને દોષીઓને ઝડપથી સજા થાય તે માટે ફાસ્ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે. અત્યાર સુધીમાં 800 નવી કોર્ટ દેશમા સ્વીકૃત કરવામાં આવી છે. રેપ અને પોસ્કો જોડાયેલા 3 લાખ કેસોનો ઝડપથી નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, અમારી સરકારે અંગ્રેજોના સમયના કાયદાઓને દૂર કરવાનું કામ કર્યું. આઝાદીનાં 75 વર્ષ પછી આ કામ કરવાની તક મને આપ સૌએ આપી છે જેમાં મહિલાઓને સશક્ત કરવાના કાયદાને વધૂ મજબૂત કરવામાં આવ્યા છે. પહેલાંની સરકારમાં મહિલાઓ સાથે અપરાધિત પ્રવૃત્તિ થતાં કોર્ટમા તારીખ પર તારીખ મળતી અને ન્યાય મળવામાં વિલંબ થતો હતો. બળાત્કાર જેવા જઘન્ય અપરાધમા 60 દિવસમાં નિર્ણય આવે અને 45 દિવસમાં ફેંસલો લાવવામાં આવે આ પ્રકારની વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. પહેલાં પીડિતને પોલીસ સ્ટેશન આવી એફ.આઈ. આર કરાવવી પડતી અને અમે નવા કાયદામાં ક્યાંથી પણ ઈ- એફ.આઈ. આર દાખલ કરાવવાની વ્યવસ્થા કરી આપી છે. રેપ વિક્ટીમનું નિવેદન પોલીસ ઓડિયો અને વિડિયોથી દાખલ કરી શકે છે જેને કાનૂની માન્યતા આપવામાં આવી છે. ડોકટર દ્વારા મેડિકલ રિપોર્ટ માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે. સુરત જિલ્લામાં ગત વર્ષે એક દીકરી જોડે ગેંગ રેપની દુખદ ઘટના બની હતી અને જેમાં 15 દિવસમાં આરોપીઓ નક્કી થયા અને દોષીઓને સજા અપાવી. મહિલાઓ સાથે થતા અપરાધના કેસમાં ઝડપથી સુનવણીઓ કરવામાં આવી રહી છે. હું તમને વિશ્વાસ અપાવું છું કે તમારા સ્વપ્નોના વિકાસમાં કોઈ અડચણ નહીં રાખું. એક દીકરો જેવી રીતે માતાની સેવા કરે તે જ ભાવથી હું ભારત માતા અને મારી માતા-બહેનોની સેવા કરી રહ્યો છું મને વિશ્વાસ છે 2047માં વિકસિત ભારતનુ લક્ષ પૂરું થશે.



# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ગંગાસ્વરૂપા,વૃદ્ધ,દિવ્યાંગ સહાય યોજના તથા ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત 2 લાખ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજની કીટનું વિતરણ કર્યું



## તમે કલ્પના કરો કે આપણા દેશમાં પાંચ કરોડથી વધુ ભૂતિયા રાશન કાર્ડધારકો હતા આજે અસલી હકદારને તેના હકનું પૂરું રાશન મળી રહ્યું છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

સંઘ પ્રદેશ ખાતે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત 2 લાખ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજની કીટનું વિતરણ કર્યું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતના મારા ભાઈઓ બહનો કેમ છો કરી સંબોધન કરતાં જણાવ્યું કે, મારું સદ્‌ભાગ્ય છે કે આજે દેશની જનતાએ અને ગુજરાતે મને ત્રીજી વખત વડાપ્રધાન તરીકે સેવા કરવાની તક આપી. ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી સુરતની મારી પહેલી મુલાકાત છે. ગુજરાતે જેને ઘડ્યો તેને દેશે વ્હાલથી અપનાવ્યો છે. હમેશા આપ સૌનો ઋણી છું જેમણે મારા જીવનને ઘડવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આજે સુરત આવ્યો છું તો સુરતની સ્પિરિટ યાદ ન આવે, જોવા ન મળે તે કેમ શક્ય બને. કામ અને દામ આ બંને એવી વસ્તુ છે કે જે સુરતને વધુ વિશિષ્ટ બનાવે છે. એકબીજાને મદદરૂપ થવું, દરેકના વિકાસનો આનંદ માણવો તે આપણને સુરતના દરેક ખૂણે જોવા મળે છે. આજનો કાર્યક્રમ સુરતની આ જ સ્પિરિટને આગળ વધારનારો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, સુરત ઘણા મુદ્દે ગુજરાતનું અને દેશનું લીડીંગ શહેર છે. સુરત આજે ગરિબ, વંચિતને ભોજન અને પોષણની સુરક્ષા આપવાના મિશનમાં આગળ નીકળી રહ્યું છે. સુરતમાં જે ખાદ્ય સુરક્ષા સેચ્યુરેશન અભિયાન ચલાવવામાં આવ્યું છે તે દેશના અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ બનશે. આ અભિયાન દર્શાવે છે કે ન કોઈ ભેદભાવ, ન કોઈ રહી જાય, ન કોઈ ઢગે. તુષ્ટીકરણની ભાવનાને અને કુ-રીતિને છોડીને સંતુષ્ટીકરણની પવિત્ર ભાવનાને આગળ લઇ જશે. જ્યારે સરકાર જ લાભાર્થી પાસે જઇ રહી હોય ત્યારે કોઇ બાકી ન રહે. આ જ કારણે સરકારે સવા બે લાખથી વધુ નવા લાભાર્થીઓની ઓળખ કરી છે જેમાં વડિલો, વિધવા માતા-બહેનો, દિવ્યાંગોને આ





## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીવમાં શિવ જોવાની ભાવના સાથે દેશના કરોડો લોકોની સેવામાં લીન છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એવા સંવેદનશીલ વ્યક્તિ છે કે જેમણે જીવ માત્રના કલ્યાણ અને સેવાને અગ્રીમતા આપી છે. અબોલા પશુજીવો હોય કે આપણી વિરાસત સમાન વન્ય જીવ પ્રાણીઓ હોય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક જીવની કાળજી રાખી છે. ગુજરાતની મુલાકાતે તેમણે ગીરના સિંહ સહિત વન્ય પ્રાણીઓ માટે નેશનલ રેફરલ સેન્ટરનું ખાત મુહૂર્ત કર્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીવમાં શિવ જોવાની ભાવનાથી દેશના કરોડો લોકોની સેવામા લીન છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારની પ્રાથમિકતા ગરીબોના કલ્યાણની છે. મોદીએ પહેલી વખત શપથ લીધા પછી કહ્યુ હતું કે તેમની સરકાર ગરીબો, વંચિતો, શોષિતો, પીડિતોના કલ્યાણને અગ્રીમતા આપનારી સરકાર રહેશે. તેમના પ્રથમ કાર્યકાળમાં જેટલી સરકારી કલ્યાણકારી યોજના બની તેમાં કેન્દ્રસ્થાને છેવાડાના અને ગરીબ વર્ગના લોકો રહ્યા છે. સમાજના દરેક વર્ગને સાથે રાખીને સર્વસમાવેશી વિકાસ કેવી રીતે થાય તેનું ઉદાહરણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પુરું પાડયું છે.

યોજનામાં જોડી ફ્રીમાં રાશન મળે તેની ચિંતા કરી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, રોટીનું મહત્ત્વ કપડાં અને મકાન બંને કરતાં ઉપર છે અને જ્યારે કોઈ ગરીબને રોટલીની ચિંતા હોય તે દર્દ કેટલુ ભયાનક હોય તે હું સારી રીતે અનુભવી શકું છું એટલે જ અમારી સરકારે જરૂરિયાત મંદ માટે ભોજનની ચિંતા કરી છે. ગરીબના ઘરે ચૂલો ન સળગે, બાળકો ભૂખ્યાં સુઈ જાય તે મને મંજૂર નથી એટલે રોટલો ને ઓટલો બંને મળે તેની ચિંતા મારી સરકાર કરી રહી છે. અમારી સરકાર ગરીબોની સાથી અને સેવકભાવથી તેમની સાથે છે. કોરોના કાળમાં જ્યારે દેશવાસીઓને સપોર્ટની જરૂર હતી ત્યારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના જે માનવતાને મહત્ત્વ આપનારી યોજના છે, દુનિયાની સૌથી મોટી યોજના છે જે આજે પણ ચાલી રહી છે. મને આનંદ છે કે ગુજરાત સરકારે યોજનાનો વિસ્તાર પણ કર્યો છે. કેન્દ્ર સરકાર દર વર્ષે અંદાજે સવા બે લાખ કરોડ રૂપિયા ગરીબના ઘરનો ચૂલો સળગે તે માટે ખર્ચ કરી રહી છે. વિકસિત ભારતની યાત્રામાં પૌષ્ટિક ભોજનની મહત્ત્વની ભૂમિકા છે. અમારું લક્ષ્ય દેશના દરેક પરિવારને જરૂરી પોષણ આપવાનો છે. પીએમ પોષણ યોજનાથી અંદાજે 12 કરોડ શાળાના વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહાર આપવામાં આવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, સુરત સ્વચ્છતાની સ્પર્ધામાં હમેશા આગળ રહ્યું છે. અમારો પ્રયાસ છે કે દેશનું દરેક શહેર-ગામડું ગંદકીથી મુક્ત થાય તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. દુનિયાની મોટી સંસ્થા કહી રહી છે કે સ્વચ્છ ભારત અભિયાનથી ગામડામાં બીમારીઓ ઘટી છે. હાલમાં શ્રી સી. આર. પાટીલજી પાસે દેશની જળશક્તિની જવાબદારી છે. તેમના નેતૃત્વમાં હર ઘર જળ અભિયાન ચાલી રહ્યું છે, જેનાથી પીવા માટેનુ શુદ્ધ પાણી ઘરે ઘરે પહોંચ્યું છે તેનાથી ઘણી બીમારીઓ ઘટી ગઈ છે. આજે ફ્રી રાશન યોજનાએ કરોડો લોકોનુ જીવન સરળ બનાવ્યું છે. આજે અસલી હકદારને તેના હકનું પૂરું રાશન મળી રહ્યું છે પરંતુ 10 વર્ષ પહેલાં આ સંભવ ન હતું. તમે કલ્પના કરો કે આપણા દેશમાં પાંચ કરોડથી વધુ ભૂતિયા રાશન કાર્ડધારકો હતા. પહેલાં એક





## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગોને ફક્ત નામ જ નહીં, ફક્ત અનાજ આપવાની જ વાત નહીં પરંતુ તેમનુ જીવન સરળ અને આર્થિક ઊપજ માટે સક્ષમ બને તેના સફળતાપૂર્વક પ્રયાસ કર્યા છે – શ્રી સી.આર.પાટીલ

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી. આર. પાટીલજીએ સંબોધન કરતાં જણાવ્યું કે, કુદરતની ભૂલોને કારણે મજબૂરી અનુભવતા લોકો જેઓ તેમના કુંટુંબ ઉપર ભારરૂપ ન બને તેના માટે આખા કુટુંબને આ યોજના દ્વારા ફ્રીમાં અનાજ આપવાની યોજનાની શરૂઆત કરવામાં આવી રહી છે તે બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરું છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગ ભાઈબહેનોને નામ આપ્યુ છે તેના કારણે એક પ્રકારની દિવ્યતા અનુભવે તેની લાગણી તેમને થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફકત નામ જ નહી, ફકત અનાજ આપવાની જ વાત નહીં પણ તેમનું જીવન સરળ અને આર્થિક ઊપજ માટે સક્ષમ બને તેના સફળતાપૂર્વકના પ્રયાસ કર્યા છે. જીવનમાં તેમને જરૂરી સાધનો સારી ગુણવત્તાવાળાં મળે તેની પણ ચિંતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. દિવ્યાંગ ભાઈ-બહેનોને સરકારી નોકરીમાં જે રિઝર્વેશન 3 ટકા હતું તે વધારી 4 ટકા કરવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું. દિવ્યાંગોને ઉચ્ચ શિક્ષા માટે જે 3 ટકાનું રિઝર્વેશન હતુ તે વધારીને 5 ટકા કરવાનું કામ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. અંદાજે 709 રેલવે સ્ટેશન પર દિવ્યાંગ ભાઈ-બહેનોને ચઢવા-ઉતરવાની વ્યવસ્થા પણ વડાપ્રધાનશ્રીએ કરી છે. 80 જેટલા એરપોર્ટ પર દિવ્યાંગ ભાઈ-બહેનોને અગવડ ન થાય તે માટે વ્યવસ્થા વડાપ્રધાન શ્રીએ કરી છે. 10 હજારથી વધુ બસ સ્ટેન્ડ પર પર દિવ્યાંગ ભાઈ-બહેનોને અનુકૂળ થાય તે માટે વ્યવસ્થા કરી છે. 2014 પહેલાં દિવ્યાંગ ભાઈબહેનોનું બજેટ 565 કરોડનુ હતું જે મોદીએ 2024-25માં 1275 કરોડ રૂપિયાનું કર્યું છે.

રાજ્યનું રાશન કાર્ડ બીજાં રાજ્યોમાં ન હોતું ચાલતું અમે આ સમસ્યાનું સમાધાન કર્યું અને વન નેશન વન રાશન કાર્ડ લાગુ કર્યું. દેશમાં અને ગરીબોને સશક્ત કરવા મિશન મોડ પર કામ કર્યું છે, જેના માટે કોઈએ કામ ન કર્યું તેના માટે મે કામ કર્યું છે. આજે મુદ્રા યોજનાથી અંદાજે 32 લાખ કરોડ રૂપિયા વિના ગેરંટી આપવામાં આવ્યા છે. ફેરિયા અને ફુટપાથ પર કામ કરનાર લોકો માટે કોઈ સહાય આપનાર ન હતું પરંતુ અમારી સરકારે સ્વનિધિ યોજનાથી તેમને બેંકોથી મદદ અપાવી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, વિશ્વકર્મા સાથીઓને રોજગારી મળે તે માટે પહેલી વખત વિચાર કરવામાં આવ્યો અને આજે મોટી સંખ્યામાં લોકો પીએમ વિશ્વકર્મા યોજનાનો લાભ લઈ રહ્યા છે તેના માટે તેમને પૈસા પણ આપવામાં આવે છે. અમારી સરકાર સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રથી કામ કરે છે. પહેલાંની સરકાર ગરીબી દૂર કરવા ભાષણો કરતી પણ મારી સરકારે 25 કરોડથી વધુ ગરીબ પરિવારને ગરીબી રેખાથી બહાર લાવવામાં સફળ રહી છે. 12 લાખની આવક પર 0 ટેક્સ કરવામાં આવ્યો છે જે અંગે કોઈએ વિચાર સુધ્ધાં નહોતો કર્યો તે અમે કર્યું છે જે નોકરિયાત વર્ગને પોણા 13 લાખ સુધી ટેક્સથી રાહત મળી છે એટલે કે દેશના, ગુજરાતના, સુરતના મધ્યમ વર્ગના લોકો પાસે વધુ રૂપિયા બચશે. સુરત લાખો લોકોને રોજગાર આપે છે. અમારી સરકાર લોકલ સપ્લાય ચેનને મજબૂત કરવા કામ કરી રહી છે. સુરત દેશનું સૌથી મોટુ વેલકનેક્ટેડ સિટી બનવા જઈ રહ્યું છે.

•



## ઈન્ડિયન પોટાશ લિમિટેડના ઉપક્રમે કોડિનાર અને તાલાલા સુગર મિલોનું પુનરુત્થાન અને આધુનીકરણ કાર્યનું ભૂમિપૂજન કરતા કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ



# આદરણીય મોદીજીની સરકારે ખાંડ મિલો સાથે ઊર્જા ઉત્પાદનને જોડીને ઈથેનોલ મિશ્રણ દ્વારા અન્નદાતા ખેડૂતોને ઊર્જા ખેડૂતોમાં પરિવર્તિત કરવાનું કામ કર્યું - શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે ઇન્ડિયન પોટાશ લિમિટેડના ઉપક્રમે કોડિનાર અને તાલાલા સુગર મિલોનું પુનરુત્થાન અને આધુનીકરણ કાર્યનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે 2002માં તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાયેલ ગુજરાત ગૌરવ યાત્રા સમયથી સુગર ફેક્ટરી સાથેના જૂના સંબંધોને વાગોળતાં કહ્યું હતું કે કોડિનાર આવીએ ત્યારે ખેડૂતો વારંવાર બંધ પડી ગયેલ સુગર ફેક્ટરી અંગે રજૂઆત કરતા અને ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ અને ભાજપાના કાર્યકર્તાઓએ પણ વચન આપ્યું હતું. આદરણીય મોદીજીનું વચન એટલે પથ્થર પરની લકીર. આજે આ વચન પૂર્ણ થતું જોવા મળી રહ્યું છે. ખેડૂતોની સમૃદ્ધિનો દરવાજો ખોલવાનું કામ આજે આ સુગર ફેક્ટરીના પુનરુત્થાન પછી શરૂ થઈ જશે. શેરડીની ખેતી કરીએ એટલે પાણીનો બગાડ થાય પરંતુ દરેક ખેડૂતને ડ્રિપ ઈરીગેશનથી શેરડીની ખેતી થાય અને પાણીનો વ્યય ન થાય તે પ્રમાણે પ્રેરિત કરી અને ખેતી કરવામાં આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશભરના ખેડૂતો માટે સૌથી મોટું કાર્ય જો કોઈ કર્યું હોય તો એ છે કે, પ્રજાજનોની સતત માંગ હતી કે સહકાર મંત્રાલયની સ્થાપના અલગ કરવી જોઈએ, આદરણીય મોદીજીને બીજી વાર તમે બધાએ વડાપ્રધાન બનાવ્યા અને મોદીજીએ સહકારિતા મંત્રાલયની અલગ સ્થાપના કરી આપણા સૌની માંગ પૂર્ણ કરી દીધી છે. સહકારિતા મંત્રાલયે 60 કરોડથી વધારે ખેતીના આધારે જીવન ગુજારનારા સૌ ભાઈઓ-બહેનો માટે વિકાસના રસ્તાઓ ખોલી દીધા છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, આજે ઇન્ડિયન પોટાશ લિમિટેડ જેની અંદર 60% શેર મૂડી કોઓપરેટિવ ક્ષેત્રની છે, તેમ માધ્યમથી આ ત્રણેય મિલોનું પુનરુત્થાન થયું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ ઈથેનોલ લાવ્યા, એક જમાનામાં કહેવાતું હતું કે ખેડૂત અન્નદાતા છે, આ ઈથેનોલ સુગર ફેક્ટરી સાથે જોડી અને ઊર્જા બનાવવાનું કારખાનું જોડી ઈથેનોલ અને વીજળીના માધ્યમથી અન્નદાતા ખેડૂતને ઊર્જાદાતા ખેડૂત બનાવવાનું કાર્ય આપણા નરેન્દ્રભાઈ મોદીજીએ કર્યું છે. ઈથેનોલ ઉત્પાદક સહકારી મીલો એ ખાદ્ય સુરક્ષાની સાથે સાથે દેશના પેટ્રોલિયમના ઈમ્પોર્ટનું બિલ પણ ઓછું કરશે અને લોકલ પ્રોડ્યુસર આપણો ખેડૂત હતો એ ગ્લોબલ બાયો ફ્યુઅલ પ્રોડ્યુસર પણ બનશે. ઈથેનોલના વિષયમાં આવનાર દિવસોમાં આપણી ખપત કરતાં જે દિવસે વધે તે દિવસે વિશ્વના બજારમાં જવાનું કાર્ય આપણે કરવાના છે અને એક્સપોર્ટ પણ કરવાના છીએ. આજે આ દસ હજાર ખેડૂતોના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આ ખાંડ મિલોના ચાલુ થવાથી થવાનું છે. ઇન્ડિયન પોટાશ લિમિટેડ, ઇન્ડિયન સ્ટેટ કોઓપરેટિવ બેંક, ગુજરાત સરકાર અને ભારત સરકાર સર્વેએ સાથે મળી આ દસ હજારથી વધારે ખેડૂતો માટે ખૂબ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ઇન્ડિયન પોટાશે ખાલી ખાંડ મિલોના પુનરુત્થાન નહીં, શેરડીના ખેડૂતોના બધા જ પ્રકારના પ્રશ્નોમાં મદદ કરી છે.



## જૂનાગઢ ખાતે નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઈલ્ડ લાઈફનો શિલાન્યાસ

# 2025માં હાથ ધરવામાં આવનાર સિંહ ગણતરીના 16મા ચક્રની શરૂઆત

રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડે વન્યજીવન સંરક્ષણમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલોની સમીક્ષા કરી, જેમાં નવા સંરક્ષિત વિસ્તારો અને પ્રજાતિ-વિશિષ્ટ મુખ્ય કાર્યક્રમો જેમ કે પ્રોજેક્ટ ટાઇગર, પ્રોજેક્ટ એલિફન્ટ, પ્રોજેક્ટ સ્નો લેપર્ડ, વગેરેની રચનામાં સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો. બોર્ડે ડોલ્ફિન અને એશિયાઈ સિંહો માટેના સંરક્ષણ પ્રયાસો અને આંતરરાષ્ટ્રીય બિગ કેટ્સ એલાયન્સની સ્થાપના અંગે પણ ચર્ચા કરી.




બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીશ્રીએ દેશમાં હાથ ધરવામાં આવેલા પ્રથમ નદી ડોલ્ફિન અંદાજનો અહેવાલ બહાર પાડ્યો, જેમાં કુલ 6,327 ડોલ્ફિનનો અંદાજ હતો. આ પહેલના પ્રયાસમાં આઠ રાજ્યોમાં 28 નદીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં 8,500 કિલોમીટરથી વધુ વિસ્તારને આવરી લેવા માટે 3150 માનવદિવસો સમર્પિત કરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ સંખ્યા નોંધાઈ હતી, ત્યારબાદ બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીશ્રીએ સ્થાનિક વસ્તી અને ગ્રામજનોને સામેલ કરીને ડોલ્ફિન સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે ડોલ્ફિન નિવાસસ્થાન વિસ્તારોમાં શાળાના બાળકોની મુલાકાતોનું આયોજન કરવાની પણ સલાહ આપી.

પ્રધાનમંત્રીશ્રીએ જૂનાગઢ ખાતે નેશનલ રેફરલ સેન્ટર ફોર વાઇલ્ડ લાઇફનો શિલાન્યાસ પણ કર્યો હતો, જે વન્યજીવન સ્વાસ્થ્ય અને રોગ વ્યવસ્થાપન સંબંધિત વિવિધ પાસાઓના સંકલન અને શાસન માટેના કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

એશિયાઈ સિંહોની વસ્તી ગણતરી દર પાંચ વર્ષે એકવાર કરવામાં આવે છે. છેલ્લી વખત આવી કવાયત 2020માં હાથ ધરવામાં આવી હતી. પ્રધાનમંત્રીશ્રીએ 2025માં હાથ ધરવામાં આવનાર સિંહ ગણતરીના 16મા ચક્રની શરૂઆતની જાહેરાત કરી.

કુદરતી વિખેરાઈને કારણે એશિયાઈ સિંહોએ હવે બરડા વન્યજીવન અભયારણ્યને પોતાનું ઘર બનાવ્યું છે તે ધ્યાનમાં લેતાં, પ્રધાનમંત્રીશ્રીએ જાહેરાત કરી કે બરડામાં સિંહોના સંરક્ષણને શિકાર વધારવા અને અન્ય નિવાસસ્થાન સુધારણાના પ્રયાસો દ્વારા સમર્થન આપવામાં આવશે. વન્યજીવન નિવાસસ્થાનોના વિકાસ અને સંરક્ષણ માટે ઇકો-ટૂરિઝમના મહત્ત્વ પર ભાર મૂકતા, તેમણે ભાર મૂક્યો કે વન્યજીવન પર્યટન માટે મુસાફરીમાં સરળતા અને જોડાણ હોવું જોઈએ.

માનવ-વન્યજીવન સંઘર્ષના અસરકારક સંચાલન માટે, પ્રધાનમંત્રીશ્રીએ કોઈમ્બતૂરના SACON (સલીમ અલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી એન્ડ નેચરલ હિસ્ટ્રી) માં વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા-કેમ્પસમાં શ્રેષ્ઠતા કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી. આ કેન્દ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અદ્યતન ટેકનોલોજી, ટ્રેકિંગ, પૂર્વ ચેતવણી માટે ગેજેટ્સ; માનવ-



વન્યજીવન સંઘર્ષના હોટસ્પોટ્સમાં દેખરેખ અને ઘૂસણખોરી શોધ પ્રણાલીઓ સૂચવવા; અને સંઘર્ષ ઘટાડવાના પગલાં અમલમાં મૂકવા માટે ક્ષેત્ર પ્રેક્ટિશનરો અને સમુદાયની ક્ષમતા નિર્માણમાં પણ સહાય કરશે.

પ્રધાનમંત્રીશ્રીએ જંગલની આગ અને માનવ-પ્રાણી સંઘર્ષ જેવા મુદ્દાઓનો સામનો કરવા માટે રિમોટ સેન્સિંગ અને જીઓસ્પેશિયલ મેપિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના ઉપયોગ પર ભાર મૂક્યો. તેમણે માનવ-વન્યજીવન સંઘર્ષના પડકારનો સામનો કરવા માટે ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (BISAG-N) સાથે ભારતીય વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટના જોડાણનું સૂચન કર્યું.

પ્રધાનમંત્રીશ્રીએ જંગલની આગની દેખરેખ અને વ્યવસ્થાપન વધારવા માટે, ખાસ કરીને અત્યંત સંવેદનશીલ સંરક્ષિત વિસ્તારોમાં, આગાહી, શોધ, નિવારણ અને નિયંત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, અવકાશ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા, દેહરાદૂન અને BISAG-N વચ્ચે સહયોગ કરવાની સલાહ આપી.

પ્રધાનમંત્રીશ્રીએ એવી પણ જાહેરાત કરી હતી કે ચિત્તાનો પરિચય મધ્યપ્રદેશના ગાંધીસાગર અભયારણ્ય અને ગુજરાતના બન્ની ઘાસના મેદાનો સહિત અન્ય વિસ્તારોમાં પણ વિસ્તારવામાં આવશે.

પ્રધાનમંત્રીશ્રીએ વાઘ અભયારણ્યની બહાર વાઘના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી એક યોજનાની જાહેરાત કરી. આ પહેલનો ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયો સાથે સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરીને આ અભયારણ્યની બહારના વિસ્તારોમાં માનવ-વાઘ અને અન્ય સહ-શિકારી સંઘર્ષોને સંબોધવાનો છે.

મગરની ઘટતી વસ્તીને ઓળખીને અને મગરના સંરક્ષણને સુનિશ્ચિત કરવાના દૃષ્ટિકોણથી, પ્રધાનમંત્રીશ્રીએ તેમના સંરક્ષણ માટે મગર પર એક નવો પ્રોજેક્ટ શરૂ કરવાની પણ જાહેરાત કરી.

પ્રધાનમંત્રીશ્રીએ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ માટે હાથ ધરાયેલા પ્રયાસોની પ્રશંસા કરી. સંરક્ષણ પ્રયાસોને વધારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, તેમણે રાષ્ટ્રીય ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ સંરક્ષણ કાર્ય યોજનાની જાહેરાત કરી.

સમીક્ષા બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીશ્રીએ બોર્ડ અને પર્યાવરણ મંત્રાલયને સંશોધન અને વિકાસ માટે જંગલો અને વન્યજીવનના સંરક્ષણ અને વ્યવસ્થાપન સંદર્ભે ભારતના વિવિધ પ્રદેશોના પરંપરાગત જ્ઞાન અને હસ્તપ્રતો એકત્રિત કરવા જણાવ્યું. પ્રધાનમંત્રીશ્રીએ મંત્રાલય માટે વન્યજીવન સંરક્ષણ વ્યૂહરચના અને ભવિષ્યના પગલાં માટે એક રોડમેપ તૈયાર કર્યો અને ભારતીય સ્લોથ રીંછ, ઘરિયાલ અને ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ સંરક્ષણ અને વિકાસ પર કામ કરવા માટે વિવિધ ટાસ્ક ફોર્સની રચના કરવા પણ કહ્યું.

પ્રધાનમંત્રીશ્રીએ નોંધ્યું કે ગીરમાં સિંહ અને દીપડાના સંરક્ષણની સારી સ્ટોરી છે. તેમણે કહ્યું કે આ પરંપરાગત જ્ઞાનને અન્ય રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોમાં ઉપયોગ માટે AIની મદદથી દસ્તાવેજીકૃત કરવું જોઈએ.

પ્રધાનમંત્રીશ્રીએ જંગલી પ્રાણીઓની સ્થળાંતર પ્રજાતિઓના સંરક્ષણ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (CMS) હેઠળ સંકલન એકમમાં સહકાર વધારવાનું સૂચન પણ કર્યું.

પ્રધાનમંત્રીશ્રીએ સંરક્ષણમાં સ્થાનિક સમુદાયોની સક્રિય ભાગીદારીની પ્રશંસા કરી, ખાસ કરીને સમુદાય અનામતની સ્થાપના દ્વારા. છેલ્લા દાયકામાં, ભારતમાં સમુદાય અનામતની સંખ્યામાં છ ગણાથી વધુ વધારો જોવા મળ્યો છે. તેમણે વન્યજીવન સંરક્ષણમાં કૃત્રિમ બુદ્ધિમત્તા સહિત અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવાના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીશ્રીએ વન વિસ્તારોમાં ઔષધીય વનસ્પતિઓના સંશોધન અને દસ્તાવેજીકરણ પર પણ સલાહ આપી હતી, જે પશુઆરોગ્ય વ્યવસ્થાપનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે વૈશ્વિક સ્તરે પશુઆરોગ્ય વ્યવસ્થાપન માટે વનસ્પતિ આધારિત દવા પ્રણાલીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાની શક્યતાઓનો પણ ઉલ્લેખ કર્યો.

બેઠક પછી, પ્રધાનમંત્રીશ્રીએ ફ્રન્ટલાઈન ફોરેસ્ટ સ્ટાફની ગતિશીલતા વધારવા માટે મોટરસાયકલોને પણ લીલી ઝંડી આપી હતી. તેમણે ગીર ખાતે ક્ષેત્ર સ્તરના કાર્યકરો સાથે પણ વાતચીત કરી હતી જેમાં ફ્રન્ટલાઈન સ્ટાફ, ઈકો ગાઈડ અને ટ્રેકર્સનો સમાવેશ થતો હતો.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ફ્રાન્સ અને અમેરિકા મુલાકાત

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ફ્રેન્ચ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ શ્રી ઇમેન્યુઅલ મેક્રોનના આમંત્રણ પર, 10-12 ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ જે. સાથે મુલાકાત કરી હતી. ટ્રમ્પના આમંત્રણ પર અમેરિકાની બે દિવસની મુલાકાત લીધી. ફ્રાન્સમાં, શ્રી મોદીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરી અને માર્સેલીમાં ભારતના કોન્સ્યુલેટ જનરલનું ઉદ્‌ઘાટન કર્યું. અમેરિકામાં, પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે દ્વિપક્ષીય વેપાર માટે એક નવું સાહસિક લક્ષ્ય નક્કી કર્યું – 'મિશન ૫૦૦', જેનો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં કુલ દ્વિપક્ષીય વેપારને બમણાથી વધુ વધારીને ૫૦૦ અબજ ડોલર કરવાનો છે.

## ફ્રાન્સ

ફ્રેન્ચ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ઇમેન્યુઅલ મેક્રોનના આમંત્રણ પર, ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 10 થી 12 ફેબ્રુઆરી 2025 દરમિયાન ફ્રાન્સની મુલાકાત લીધી હતી. ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ, ફ્રાન્સ અને ભારત બ્લેત્ચલેય પાર્ક (નવેમ્બર ૨૦૨૩) અને સિઓલ (મે ૨૦૨૪) સમિટ દરમિયાન થયેલી મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ પર આધાર રાખીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્શન સમિટનું સહ-અધ્યક્ષતા કરશે. આ સમિટમાં રાજ્ય અને સરકારના વડાઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનોના નેતાઓ, નાના અને મોટા ઉદ્યોગોના વડાઓ, શિક્ષણવિદો, બિન-સરકારી સંગઠનો, કલાકારો અને નાગરિક સમાજના સભ્યોએ હાજરી આપી હતી.

પ્રધાનમંત્રી શ્રી મોદીની ફ્રાન્સની આ છઠ્ઠી મુલાકાત હતી. જાન્યુઆરી 2024માં ભારતના 75મા પ્રજાસત્તાક દિવસ માટે મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રપતિ મેક્રોનની ભારત મુલાકાત પછી તેમની મુલાકાત આવી છે.

## માર્સેલીમાં ભારતના કોન્સ્યુલેટ જનરલનું ઉદ્‌ઘાટન

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી શ્રી મોદી અને રાષ્ટ્રપતિ શ્રી મેક્રોન વચ્ચે અપવાદરૂપે મજબૂત અને બહુપક્ષીય દ્વિપક્ષીય સહયોગના સમગ્ર ક્ષેત્ર અને વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર દ્વિપક્ષીય વાટાઘાટો થઈ. બંને નેતાઓએ માર્સેલીની પણ મુલાકાત લીધી, જ્યાં રાષ્ટ્રપતિ શ્રી મેક્રોને પ્રધાનમંત્રી શ્રી મોદી માટે ખાનગી રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. આ બંને નેતાઓ વચ્ચેના ઉત્તમ સંબંધોને દર્શાવે છે. તેમણે માર્સેઇલમાં સંયુક્ત રીતે ભારતના કોન્સ્યુલેટ જનરલનું ઉદ્‌ઘાટન પણ



કર્યું. આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર સુવિધાની પણ મુલાકાત લીધી.

બંને નેતાઓએ ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો અને UNSC બાબતો સહિત બહુપક્ષીય મંચો પર નજીકથી સંકલન કરવા સંમત થયા. ફ્રાન્સે યુએનએસસીમાં ભારતના કાયમી સભ્યપદ માટે પોતાના મજબૂત સમર્થનનો પુનરુચ્ચાર કર્યો. બંને નેતાઓ સામૂહિક અત્યાચારના કેસોમાં વીટોના ઉપયોગને નિયંત્રિત કરવા માટે સંવાદને મજબૂત બનાવવા સંમત થયા.



બંને નેતાઓએ ભારતમાં સ્કોર્પિન સબમરીનના નિર્માણમાં સહયોગમાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી. આમાં સ્વદેશીકરણ અને ખાસ કરીને DRDO દ્વારા P75-સ્કોર્પિન સબમરીનમાં વિકસિત એર ઇન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શનના એકીકરણ અને ભવિષ્યની P75-AS સબમરીનમાં ઇન્ટિગ્રેટેડ કોમ્બેટ સિસ્ટમના સંભવિત એકીકરણ અંગે વિશ્લેષણનો પણ સમાવેશ થાય છે. બંને નેતાઓએ 15 જાન્યુઆરી, 2025 ના રોજ P75 સ્કોર્પિયન-ક્લાસ પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન, INS વાગશીરના કમિશનિંગનું સ્વાગત કર્યું. બંને પક્ષોએ મિસાઇલો, હેલિકોપ્ટર એન્જિન અને જેટ એન્જિન પર ચાલી રહેલી ચર્ચાઓનું સ્વાગત કર્યું.

બંને નેતાઓએ મધ્ય પૂર્વમાં યુદ્ધ અને યુક્રેન સહિત આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી. તેઓ નિયમિત ધોરણે સંકલન અને નજીકથી જોડાયેલા રહેવાના પ્રયાસો ચાલુ રાખવા સંમત થયા.

## AI પર ભારત-ફ્રાન્સ રોડમેપ

પ્રધાનમંત્રી શ્રી મોદી અને રાષ્ટ્રપતિ શ્રી મેક્રોને તેમના અભિગમોની ફિલસૂફી પર આધારિત, સુરક્ષિત, ખુલ્લા, સુરક્ષિત અને વિશ્વસનીય કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) પર ભારત-ફ્રાન્સ રોડમેપ લોન્ચ કર્યો. તેમણે ફ્રેન્ચ સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેટર સ્ટેશન એફમાં ભારતીય સ્ટાર્ટઅપ્સના સમાવેશનું સ્વાગત કર્યું. તેમણે ફ્રાન્સમાં ભારતની રીઅલ-ટાઇમ ચુકવણી સિસ્ટમ 'યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ' (UPI)નો ઉપયોગ કરવાની વિસ્તૃત શક્યતાઓનું પણ સ્વાગત કર્યું.

બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ નાગરિક પરમાણુ સંબંધો અને પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગ પર સહયોગના પ્રયાસોને સ્વીકાર્યા, ખાસ કરીને જૈતાપુર પરમાણુ ઊર્જા પ્લાન્ટ પ્રોજેક્ટના સંદર્ભમાં. તેમણે નાગરિક પરમાણુ ઊર્જા પર વિશેષ કાર્યદળની પ્રથમ બેઠક અને નાના મોડ્યુલર રિએક્ટર (SMRs) અને એડવાન્સ્ડ મોડ્યુલર રિએક્ટર (AMRs) પર ઉદ્દેશ પત્રો પર હસ્તાક્ષર અને પરમાણુ વ્યાવસાયિકોના તાલીમ અને શિક્ષણમાં સહયોગ માટે GCNEP, DAE ઓફ ઇન્ડિયા અને INSTN, CEA ઓફ ફ્રાન્સ વચ્ચે અમલીકરણ કરારનું સ્વાગત કર્યું.

## યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા



યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિ, શ્રી ડોનાલ્ડ જે. ટ્રમ્પે 13 ફેબ્રુઆરી, 2025ના રોજ વોશિંગ્ટન ડીસીમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સત્તાવાર કાર્યકારી મુલાકાતનું આયોજન કર્યું હતું. ૧૩ ફેબ્રુઆરીના રોજ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદીએ સહકારના મુખ્ય સ્તંભોમાં પરિવર્તનકારી પરિવર્તન લાવવા માટે એક નવી પહેલ, ૨૧મી સદી માટે યુએસ-ભારત કોમ્પેક્ટ (લશ્કરી ભાગીદારી, વાણિજ્ય અને ટેકનોલોજી માટે ઉત્પ્રેરક તકો) શરૂ કરી. આ પહેલ હેઠળ તેઓએ પરસ્પર લાભદાયી ભાગીદારી માટે વિશ્વાસના સ્તરને દર્શાવવા માટે આ વર્ષે પ્રારંભિક પરિણામો સાથે પરિણામ-આધારિત કાર્યસૂચિ માટે પ્રતિબદ્ધતા દર્શાવી.

## રક્ષણ કરવું

સંરક્ષણ સંબંધોને વધુ આગળ વધારવા માટે, બંને પક્ષોએ આ વર્ષે 21મી સદીમાં યુએસ-ભારત મુખ્ય સંરક્ષણ ભાગીદારી માટે એક નવા દસ વર્ષના માળખા પર હસ્તાક્ષર કરવાની યોજનાઓની જાહેરાત કરી. બંને નેતાઓએ ભારતની અત્યાર સુધીની લશ્કરી યાદીમાં C-130J સુપર હર્ક્યુલસ, C-17

ગ્લોબમાસ્ટર III, P-8I પોસાઇડન વિમાનોનું નિરીક્ષણ કર્યું; CH 47F ચિનૂક્સ, MH 60R સીહોક્સ અને AH 64E અપાચેસ; હાર્પૂન એન્ટી-શિપ મિસાઇલો; M777 હોવિત્ઝર અને MQ-9BS જેવી યુએસ મૂળ સંરક્ષણ વસ્તુઓના નોંધપાત્ર એકીકરણનું સ્વાગત કર્યું.

## વેપાર અને રોકાણ

બંને નેતાઓએ તેમના નાગરિકોને વધુ સમૃદ્ધ બનાવવા, રાષ્ટ્રોને મજબૂત બનાવવા, અર્થતંત્રોને વધુ નવીન બનાવવા અને પુરવઠા શૃંખલાઓને સરળ બનાવવા માટે વેપાર અને રોકાણનો વિસ્તાર કરવાનો સંકલ્પ લીધો. તેમણે ન્યાયીતા, રાષ્ટ્રીય સુરક્ષા અને રોજગાર સર્જન સુનિશ્ચિત કરતી વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે યુએસ-ભારત વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવાનું વચન આપ્યું. આ હેતુ માટે, નેતાઓએ દ્વિપક્ષીય વેપાર માટે એક નવું સાહસિક લક્ષ્ય નક્કી કર્યું - 'મિશન 500', જેનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં કુલ દ્વિપક્ષીય વેપારને બમણાથી વધુ વધારીને $500 બિલિયન કરવાનો છે.

બંને નેતાઓએ યુએસ-ઇન્ડિયા ટ્રસ્ટ (સ્ટ્રેટેજિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંબંધોમાં પરિવર્તન) પહેલ શરૂ કરવાની જાહેરાત કરી, જે સંરક્ષણ, કૃત્રિમ બુદ્ધિ, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ, બાયોટેકનોલોજી, ઊર્જા અને અવકાશ જેવાં ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ અને ઊભરતી તકનીકોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સરકાર-થી-સરકાર, શિક્ષણ અને ખાનગી ક્ષેત્રના સહયોગને ઉત્પ્રેરિત કરશે, જ્યારે ચકાસાયેલ તકનીક વિક્રેતાઓના ઉપયોગને પ્રોત્સાહન આપશે અને સંવેદનશીલ તકનીકોનું રક્ષણ કરશે તેની ખાતરી કરશે.

## લોકો વચ્ચે સહયોગ


રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી મોદીએ બંને દેશો વચ્ચેના લોકો વચ્ચેના સંબંધોને આગળ વધારવાના મહત્ત્વની નોંધ લીધી. આ સંદર્ભમાં, તેમણે કહ્યું કે 3,00,000 થી વધુનો ભારતીય વિદ્યાર્થી સમુદાય યુએસ અર્થતંત્રમાં વાર્ષિક $8 બિલિયનથી વધુનું યોગદાન આપે છે અને ઘણી પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરે છે. તેમણે સ્વીકાર્યું કે વિદ્યાર્થીઓ, સંશોધકો અને સ્ટાફના પ્રતિભા પ્રવાહ અને હિલચાલથી બંને દેશોને પરસ્પર ફાયદો થયો છે.

## કતારના અમીરની ભારત મુલાકાત

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આમંત્રણ પર, કતાર રાજ્યના અમીર, મહામહિમ શેખ તમીમ બિન હમદ અલ-થાનીએ 17-18 ફેબ્રુઆરી 2025 દરમિયાન ભારતની રાજકીય મુલાકાત લીધી. મહામહિમ અમીર સાથે મંત્રીઓ, અધિકારીઓ અને વ્યાપારી પ્રતિનિધિઓનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું. આ મહામહિમ અમીરની ભારતની બીજી રાજકીય મુલાકાત હતી.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 18 ફેબ્રુઆરીના રોજ હૈદરાબાદ હાઉસ ખાતે મહામહિમ અમીર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. બંને નેતાઓએ બંને દેશો વચ્ચેના ઐતિહાસિક વેપાર સંબંધો, લોકોના લોકોના ઊંડા સંબંધો અને મજબૂત દ્વિપક્ષીય સંબંધોને યાદ કર્યા. તેમણે બંને દેશો વચ્ચેના બહુપક્ષીય



સંબંધોને વધુ વિસ્તૃત અને ગાઢ બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી. આ સંદર્ભમાં, તેમણે બંને પક્ષો વચ્ચે 'દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી સ્થાપના કરાર' પર હસ્તાક્ષર થવા પર ખુશી વ્યક્ત કરી.

નવી સ્થાપિત વ્યૂહાત્મક ભાગીદારીના પ્રકાશમાં, બંને પક્ષોએ રાજકીય, વેપાર, રોકાણ, સુરક્ષા, ઊર્જા, સંસ્કૃતિ, શિક્ષણ, ટેકનોલોજી, નવીનતા, ટકાઉપણું અને લોકોથી-લોકોના સંબંધો સહિત તમામ ક્ષેત્રોમાં નિયમિત અને માળખાગત સહયોગ દ્વારા દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. બંને પક્ષોએ બેવડા કરવેરા ટાળવા માટેના સુધારેલા કરાર પર હસ્તાક્ષર પર સંતોષ વ્યક્ત કર્યો અને ભારત-કતાર દ્વિપક્ષીય રોકાણ સંધિ પર વાટાઘાટો ઝડપી બનાવવા પણ સંમતિ વ્યક્ત કરી.

બંને પક્ષો બંને દેશો વચ્ચે વેપારને વિસ્તૃત અને વૈવિધ્યસભર બનાવવા માટે વ્યૂહરચનાઓની શોધ કરવાની અને માલ અને સેવાઓના વેપાર સંબંધિત બજાર એક્સેસ મુદ્દાઓને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર સંમત થયા. આ સંદર્ભમાં, બંને પક્ષો દ્વિપક્ષીય વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પૂર્ણ કરવાની શક્યતા શોધવા સંમત થયા. બંને પક્ષોએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

કતાર અને ભારત વચ્ચે મજબૂત વ્યૂહાત્મક સંબંધો છે અને ભારતીય અર્થતંત્ર સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંનું એક હોવાથી, ભારતીય પક્ષે ભારતમાં ઓફિસ ખોલવાના કતાર ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (QIA)ના નિર્ણયનું સ્વાગત કર્યું.

**બહુપક્ષીય દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે નીચેના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા :**

- **દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીની સ્થાપના પર કરાર**
- **આવક પરના કર અને તેના પ્રોટોકોલના સંદર્ભમાં બેવડા કરવેરા ટાળવા અને નાણાકીય ચોરી અટકાવવા માટે સુધારેલ કરાર**
- **ભારતના નાણા મંત્રાલય અને કતારના નાણા મંત્રાલય વચ્ચે નાણાકીય અને આર્થિક સહયોગ અંગે સમજૂતી કરાર**
- **યુવા અને રમતગમત ક્ષેત્રમાં સહયોગ માટે સમજૂતી કરાર**
- **દસ્તાવેજો અને આર્કાઇવ્સના ક્ષેત્રમાં સહયોગ પર સમજૂતી કરાર**
- **ઇન્વેસ્ટ ઇન્ડિયા અને ઇન્વેસ્ટ કતાર વચ્ચે સમજૂતી કરાર**
- **ભારતીય ઉદ્યોગ સંઘ અને કતાર બિઝનેસ એસોસિયેશન વચ્ચે સમજૂતી કરાર**

## ભારતમાં ૧૦ અબજ યુએસ ડોલરનું રોકાણ

કતારના પક્ષે FDI અને વિદેશી સંસ્થાકીય રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી અને માળખાગત સુવિધા, ટેકનોલોજી, ઉત્પાદન, ખાદ્ય સુરક્ષા, લોજિસ્ટિક્સ, આતિથ્ય અને પરસ્પર હિતના અન્ય ક્ષેત્રો સહિત વિવિધ ક્ષેત્રોમાં રોકાણની તકો શોધવામાં રસ દર્શાવ્યો. આ સંદર્ભમાં, કતારી પક્ષે ભારતમાં 10 બિલિયન યુએસ ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતાની જાહેરાત કરી.

બંને પક્ષોએ કતારમાં QNBના વેચાણબિંદુઓ પર ભારતના યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI)ના કાર્યરતીકરણનું સ્વાગત કર્યું અને કતારમાં UPI સ્વીકૃતિના રાષ્ટ્રવ્યાપી રોલઆઉટને અમલમાં મૂકવાની આશા વ્યક્ત કરી. તેઓ તેમના સંબંધિત ચલણોમાં દ્વિપક્ષીય વેપારના સમાધાનની શક્યતા શોધવા માટે સંમત થયા. GIFT સિટીમાં ઓફિસ સ્થાપીને QNBના ભારતમાં વિસ્તરણનું પણ સ્વાગત કરવામાં આવ્યું.

બંને નેતાઓએ સરહદપાર આતંકવાદ સહિત તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની સ્પષ્ટપણે નિંદા કરી અને દ્વિપક્ષીય અને બહુપક્ષીય પદ્ધતિઓ દ્વારા આ ખતરાનો સામનો કરવામાં સહયોગ કરવા સંમત થયા. તેઓ માહિતી અને ગુપ્ત માહિતી શેર કરવા, અનુભવો વિકસાવવા અને આદાનપ્રદાન કરવા, શ્રેષ્ઠ પ્રથાઓ અને ટેકનોલોજી વિકસાવવા, ક્ષમતા નિર્માણમાં સહયોગ વધારવા અને કાયદા અમલીકરણ, મની લોન્ડરિંગ વિરોધી, ડ્રગ હેરફેર, સાયબર ક્રાઇમ અને અન્ય આંતરરાષ્ટ્રીય ગુનાઓમાં સહયોગ મજબૂત કરવા સંમત થયા.





જે રીતે ૧૪૦ કરોડ ભારતીયોએ એકતા કા મહાકુંભને વૈશ્વિક પ્રસંગમાં ફેરવ્યો તે ખરેખર અદ્ભુત છે

# એકતાનો મહાકુંભ એક નવા યુગનો પ્રારંભ

## – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

પવિત્ર નગરી પ્રયાગરાજમાં મહાકુંભ સફળતાપૂર્વક સંપન્ન થયો છે. એકતાનો ભવ્ય મહાયજ્ઞ પૂર્ણ થયો છે. જ્યારે કોઈ રાષ્ટ્રની ચેતના જાગૃત થાય છે, જ્યારે તે સદીઓ જૂની પરાધીનતાની માનસિકતાના બંધનમાંથી મુક્ત થાય છે, ત્યારે તે નવી ઊર્જાની તાજી હવામાં મુક્તપણે શ્વાસ લે છે. આનું પરિણામ 13 જાન્યુઆરીથી પ્રયાગરાજમાં એકતા કા મહાકુંભ (એકતાનો મહાકુંભ)માં જોવા મળ્યું.

22 જાન્યુઆરી, 2024ના રોજ અયોધ્યામાં રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન મેં દેવભક્તિ અને દેશભક્તિ અંગે વાત કરી હતી. પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન, દેવી-દેવતાઓ, સંતો, મહિલાઓ, બાળકો, યુવાનો, વૃદ્ધો અને દરેક વર્ગના લોકો એક સાથે આવ્યા હતા. આપણે રાષ્ટ્રની જાગૃત ચેતનાના સાક્ષી બન્યા. આ એકતા કા મહાકુંભ હતો, જ્યાં 140 કરોડ ભારતીયોની લાગણીઓ આ પવિત્ર અવસર માટે એક જ જગ્યાએ, એક જ સમયે એકઠી થઈ હતી.

પ્રયાગરાજના આ પવિત્ર ક્ષેત્રમાં એકતા, સદ્ભાવ અને પ્રેમની પવિત્ર ભૂમિ શ્રૃંગવેરપુર છે. જ્યાં પ્રભુ શ્રી રામ અને નિષાદરાજની મુલાકાત થઈ હતી. તેમનું મિલન ભક્તિ અને સદ્ભાવનાના સંગમનું પ્રતીક હતું. આજે પણ, પ્રયાગરાજ આપણને એ જ ભાવનાથી પ્રેરિત કરે છે.

45 દિવસ સુધી મેં દેશના ખૂણે ખૂણેથી કરોડો લોકોને સંગમ તરફ આવતા જોયા. સંગમ પર લાગણીઓની લહેર વધતી રહી. દરેક ભક્ત એક જ હેતુ સાથે આવતા હતા - સંગમમાં ડૂબકી લગાવવી. ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમથી દરેક યાત્રાળુને ઉત્સાહ, ઊર્જા અને આત્મવિશ્વાસથી તરબોળ કરી દેતા હતા.

પ્રયાગરાજમાં યોજાયેલો આ મહાકુંભ આધુનિક મેનેજમેન્ટ વ્યાવસાયિકો, આયોજન અને નીતિ નિષ્ણાતો માટે અભ્યાસનો વિષય છે. દુનિયામાં ક્યાંય પણ આ સ્તરનું કોઈ સમાંતર ઉદાહરણ નથી.

દુનિયાએ આશ્ચર્યથી જોયું કે કેવી રીતે પ્રયાગરાજમાં નદીઓના સંગમ કિનારે કરોડો લોકો ભેગા થયા હતા. આ લોકોને કોઈ ઔપચારિક આમંત્રણ નહોતું કે ક્યારે જવું તે અંગે કોઈ પૂર્વસૂચના નહોતી. છતાં કરોડો લોકો પોતાની મરજીથી મહાકુંભ જવા રવાના થયા અને પવિત્ર જળમાં ડૂબકી લગાવવાનો આનંદ અનુભવ્યો.



પવિત્ર સ્નાન પછી અપાર આનંદ અને સંતોષ ફેલાવતા ચહેરાઓ હું ભૂલી શકતો નથી. મહિલાઓ, વડીલો, આપણા દિવ્યાંગ ભાઈઓ અને બહેનો - દરેકે સંગમ સુધી પહોંચવાનો માર્ગ શોધી કાઢ્યો હતો.

ભારતના યુવાનોની જબરદસ્ત ભાગીદારી જોઈને મને ખાસ આનંદ થયો. મહાકુંભમાં યુવા પેઢીની હાજરી એક ખાસ સંદેશ આપે છે કે, ભારતના યુવાનો આપણી ભવ્ય સંસ્કૃતિ અને વારસાના પથદર્શક બનશે. તેઓ તેને જાળવવા પ્રત્યેની તેમની જવાબદારી સમજે છે અને તેને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

આ મહાકુંભ માટે પ્રયાગરાજ પહોંચેલા લોકોની સંખ્યાએ નિઃશંકપણે નવા રેકોર્ડ બનાવ્યા છે. પરંતુ શારીરિક રીતે હાજર રહેલા લોકો ઉપરાંત, કરોડો લોકો જે પ્રયાગરાજ પહોંચી શક્યા ન હતા. તેઓ પણ આ પ્રસંગ સાથે ભાવનાત્મક રીતે ઊંડાણપૂર્વક જોડાયેલા હતા. યાત્રાળુઓ દ્વારા પરત લાવવામાં આવેલ પવિત્ર જળ લાખો લોકો માટે આધ્યાત્મિક આનંદનો સ્રોત બન્યું. મહાકુંભમાંથી પાછા ફરનારા ઘણા લોકોનું તેમના ગામમાં આદરપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું, સમાજ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં જે બન્યું છે તે અભૂતપૂર્વ છે અને તેણે આવનારી સદીઓ માટે પાયો નાખ્યો છે.

પ્રયાગરાજમાં કોઈએ કલ્પના કરી ન હતી તેના કરતાં વધુ ભક્તો પહોંચ્યા. વહીવટીતંત્રે કુંભના ભૂતકાળના અનુભવોના આધારે હાજરીનો અંદાજ લગાવ્યો હતો.

આ એકતા કા મહાકુંભમાં અમેરિકાની લગભગ બમણી વસ્તીએ ભાગ લીધો હતો.

જો આધ્યાત્મિકતાના વિદ્વાનો કરોડો ભારતીયોની ઉત્સાહી ભાગીદારીનું વિશ્લેષણ કરે તો તેઓ જોશે કે ભારત જે તેના વારસા પર ગર્વ કરે છે, તે હવે એક નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે. મારું માનવું છે કે આ એક નવા યુગનો ઉદય છે, જે નવા ભારતનું ભવિષ્ય બનાવશે.

હજારો વર્ષોથી મહાકુંભ ભારતની રાષ્ટ્રીય ચેતનાને મજબૂત બનાવે છે. દરેક પૂર્ણ કુંભમાં સંતો, વિદ્વાનો અને વિચારકો પોતાના સમયમાં સમાજની સ્થિતિ પર વિચાર-વિમર્શ કરતા હતા. તેમના વિચારો રાષ્ટ્ર અને સમાજને નવી દિશા આપતા હતા. દર છ વર્ષે અર્ધ કુંભ દરમિયાન આ વિચારોની સમીક્ષા કરવામાં આવતી હતી. 144 વર્ષમાં પૂર્ણ કુંભની 12 ઘટનાઓ પછી જૂની પરંપરાઓનો ત્યાગ કરવામાં આવ્યો, નવા વિચારો અપનાવવામાં આવ્યા અને સમય સાથે આગળ વધવા માટે નવી પરંપરાઓનું નિર્માણ કરવામાં આવ્યું.

144 વર્ષ પછી, આ મહાકુંભમાં આપણા સંતોએ ફરી એકવાર આપણને ભારતની વિકાસયાત્રા માટે



**મહાકુંભ પ્રયાગરાજ**

# સફળ મેનેજમેન્ટનું એક અદ્‌ભુત ઉદાહરણ

* 45 દિવસમાં 66.21 કરોડ લોકોનું મહાકુંભમાં સ્નાન.
* 3.25 લાખ કરોડનો ટોટલ બિઝનેસ જેનાથી દેશનો GDP પણ વધે.
* 1.5 કરોડ લોકોનું દરરોજ કુંભમાં સ્નાન.
* 10 લાખ કલ્પવાસી મેળામાં રોકાયા.
* 9 લાખ નાગા સાધુ અને સંતો મેળામાં રોકાયા.
* 31 કરોડ લોકો ટ્રેનથી કુંભમાં આવ્યા. 35 કરોડ લોકો બસ, કાર, ફ્લાઇટ દ્વારા અને 21 લાખ પગપાળા આવ્યા.
* 50 હજાર પોલીસ કર્મી ખડેપગે સેવામા.
* 10 ડિજિટલ કેન્દ્ર ખોવાયેલ વ્યક્તિ ને શોધવા માટે.
* 3800 પોલીસ કર્મી દ્વારા બોટમાં પેટ્રોલિંગ.
* 73 દેશના ડિપ્લોમેટનું કુંભમાં સ્નાન.
* 50 લાખ વિદેશીઓનું કુંભમાં સ્નાન.
* 13 kmમાં રિવરફ્રન્ટમાં 42 ઘાટનું નિર્માણ.
* 30 પ્લાતુન બ્રિજ બનાવાયા.
* 85 મોટા પંડાલ 50થી વધુ આસ્થાયી આશ્રમ સાધુ સંન્યાસી માટે.
* 4 લાખ તંબુ કલ્પવાસી માટે 500 ટેન્ટ સંન્યાસીઓ માટે.
* 200 નવા રોડ 2 નવા હાઇવે બનાવ્યા.
* 67 હજાર સ્ટ્રીટ લાઈટ 170 સબ સ્ટેશન 85 ટેમ્પરરી વીજળી ઘર બનાવ્યા.
* 2700 CCTV કેમેરા લગાવ્યા.
* 144 પોલીસ ચોકીઓ, 56 પોલીસ સ્ટેશન, 2 સાઈબર સ્ટેશન.
* 1,50,000થી વધુ ટોયલેટ, 300થી વધુ મોબાઈલ ટોયલેટ.
* 75,000થી વધુ વાહનો દરરોજ પ્રયાગરાજ મા આવતા.
* 1,32,000 યુ. પી. રોડવેઝની બસો દરરોજ દોડતી, તેટલી બસો બહારથી આવતી.
* 700 બસોની અંતિમ દિવસે એક સાથે પરેડ એ એક રેકોર્ડ છે
* 7.6 કરોડ લોકો મૌની અમાવસનાં દિવસે આવ્યા તે પણ રેકોર્ડ છે.
* 10 લાખ લોકોને કામચલાઉ રોજગાર.
* 8,000થી વધુ દુકાનો.
* 5,000વ્યક્તિ દીઠ ખર્ચ.
* 45,000 કરોડ હોટેલ ઉદ્યોગને આવક.
* 20,000 કરોડ ફૂડ ઉદ્યોગને આવક.
* 25,000 કરોડ યુ. પી. સરકારને આવક.
* 125 હાઈ ક્વોલિટી એમ્બ્યુલન્સ મેળા માટે સજ્જ.
* 600 મેટ્રિક ટન કચરો 45 દિવસમાં ભેગો કર્યો.
* દૈનિક 350 ટ્રેનની અવરજવર, દિવસની 72 ફ્લાઇટની અવરજવર પ્રયાગરાજમાં.
* પોલીસ ડિપાર્ટમેન્ટ, વહીવટીય તંત્ર, સફાઈ કર્મીની સેવા પણ સારી કહેવાય.
* દેશનું ગૃહ ડિપાર્ટમેન્ટ, રેલ વિભાગ, હવાઈ વિભાગની સેવા સારી રહી.

એક નવો સંદેશ આપ્યો છે. તે સંદેશ છે ડેવલપ ભારત - વિકસિત ભારત.

આ એકતા કા મહાકુંભમાં દરેક યાત્રાળુ, ભલે તે ગરીબ હોય કે અમીર, યુવાન હોય કે વૃદ્ધ, ગામડાંના હોય કે શહેરોના, ભારત હોય કે વિદેશથી, પૂર્વ હોય કે પશ્ચિમથી, ઉત્તર હોય કે દક્ષિણથી, જાતિ, સંપ્રદાય અને વિચારધારાને ધ્યાનમાં લીધા વિના એકઠા થયા. આ એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનનું મૂર્ત સ્વરૂપ હતું જેણે કરોડો લોકોમાં વિશ્વાસ ભરી દીધો. હવે, આપણે વિકસિત ભારત બનાવવાના મિશન માટે સમાન ભાવના સાથે એક સાથે આવવું જોઈએ.

મને એ ઘટના યાદ આવે છે, જ્યારે શ્રી કૃષ્ણ બાળસ્વરૂપમાં



પોતાની માતા યશોદાને તેમના મુખમાં રહેલા સમગ્ર બ્રહ્માંડનો એક ઝલક જોવા મળી હતી. તેવી જ રીતે, આ મહાકુંભમાં ભારત અને વિશ્વના લોકોએ ભારતની સામૂહિક શક્તિની વિશાળ સંભાવના જોઈ છે. આપણે હવે આ આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જોઈએ અને વિકસિત ભારત બનાવવા માટે પોતાને સમર્પિત કરવું જોઈએ.

અગાઉ, ભક્તિ આંદોલનના સંતોએ સમગ્ર ભારતમાં આપણા સામૂહિક સંકલ્પની શક્તિને ઓળખી અને પ્રોત્સાહન આપ્યું હતું. સ્વામી વિવેકાનંદથી લઈને શ્રી અરવિંદ સુધી, દરેક મહાન વિચારકે આપણને આપણા સામૂહિક સંકલ્પની શક્તિની યાદ અપાવી હતી. મહાત્મા ગાંધીએ પણ સ્વતંત્રતા ચળવળ દરમિયાન તેનો અનુભવ કર્યો હતો. સ્વતંત્રતા પછી, જો આ સામૂહિક શક્તિને યોગ્ય રીતે ઓળખવામાં આવી હોત અને તેનો ઉપયોગ બધાના કલ્યાણ માટે કરવામાં આવ્યો હોત તો તે નવા સ્વતંત્ર રાષ્ટ્ર માટે એક મહાન શક્તિ બની હોત. દુર્ભાગ્યથી તે પહેલાં કરવામાં આવ્યું ન હતું. પરંતુ હવે, વિકસિત ભારત માટે લોકોની આ સામૂહિક શક્તિ જે રીતે એક સાથે આવી રહી છે તે જોઈને મને આનંદ થાય છે.

વેદોથી વિવેકાનંદ સુધી, પ્રાચીન શાસ્ત્રોથી આધુનિક ઉપગ્રહો સુધી, ભારતની મહાન પરંપરાઓએ આ રાષ્ટ્રને ઘડ્યું છે. એક નાગરિક તરીકે હું પ્રાર્થના કરું છું કે આપણે આપણા પૂર્વજો અને સંતોની યાદોમાંથી નવી પ્રેરણા મેળવીએ. આ એકતાનો મહાકુંભ આપણને નવા સંકલ્પો સાથે આગળ વધવામાં મદદ કરે. ચાલો આપણે એકતાને આપણો માર્ગદર્શક સિદ્ધાંત બનાવીએ. ચાલો આપણે એ સમજ સાથે કાર્ય કરીએ કે રાષ્ટ્રની સેવા એ પરમાત્માની સેવા છે.

કાશીમાં મારા ચૂંટણીપ્રચાર દરમિયાન, મેં કહ્યું હતું કે, "મા ગંગાએ મને બોલાવ્યો છે." આ ફક્ત એક ભાવના જ નહીં, પણ આપણી પવિત્ર નદીઓની સ્વચ્છતા પ્રત્યે જવાબદારીનું આહ્વાન પણ હતું. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર ઊભા રહીને મારો સંકલ્પ વધુ મજબૂત બન્યો. આપણી નદીઓની સ્વચ્છતા આપણા પોતાના જીવન સાથે ઊંડે સુધી જોડાયેલી છે. આપણી નાની કે મોટી નદીઓને જીવનદાતા માતા તરીકે ઊજવવાની જવાબદારી આપણી છે. આ મહાકુંભ આપણને આપણી નદીઓની સ્વચ્છતા માટે કામ કરતા રહેવાની પ્રેરણા આપે છે.

મને ખબર છે કે આટલા મોટા કાર્યક્રમનું આયોજન કરવું સરળ કાર્ય નહોતું. જો આપણી ભક્તિમાં કોઈ ખામી રહી ગઈ હોય તો હું મા ગંગા, મા યમુના અને મા સરસ્વતીને પ્રાર્થના કરું છું કે, તેઓ આપણને માફ કરે. હું જનતા જનાર્દનને દિવ્યતાનું સ્વરૂપ માનું છું. જો તેમની સેવા કરવાના અમારા પ્રયત્નોમાં કોઈ ખામી રહી ગઈ હોય, તો હું જનતાની પણ ક્ષમા માંગુ છું.

કરોડો લોકો ભક્તિની ભાવના સાથે મહાકુંભમાં આવ્યા હતા. તેમની સેવા કરવી એ પણ એક જવાબદારી હતી જે ભક્તિની ભાવના સાથે નિભાવવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના સંસદ સભ્ય તરીકે હું ગર્વથી કહી શકું છું કે, યોગીજીના નેતૃત્વમાં, વહીવટ અને લોકોએ આ એકતા કા મહાકુંભને સફળ બનાવવા માટે સાથે મળીને કામ કર્યું. રાજ્ય હોય કે કેન્દ્ર, કોઈ શાસક કે વહીવટકર્તા નહોતા અને તેના બદલે દરેક જણ સમર્પિત સેવક હતા. સ્વચ્છતા કર્મચારીઓ, પોલીસ, હોડીચાલક, ડ્રાઇવર, ભોજન પીરસનારા - બધાએ અથાક મહેનત કરી. પ્રયાગરાજના લોકોએ ઘણી બધી અસુવિધાઓનો સામનો કરવા છતાં ખુલ્લા દિલે યાત્રાળુઓનું સ્વાગત જે રીતે કર્યું તે ખાસ કરીને પ્રેરણાદાયક હતું. હું તેમનો અને ઉત્તર પ્રદેશના લોકોનો હૃદયપૂર્વક આભાર અને પ્રશંસા વ્યક્ત કરું છું.

મને હંમેશા આપણા રાષ્ટ્રના ઉજ્જ્વળ ભવિષ્યમાં અતૂટ વિશ્વાસ રહ્યો છે. આ મહાકુંભના સાક્ષી બનવાથી મારી શ્રદ્ધા અનેકગણી મજબૂત થઈ છે.

જે રીતે 140 કરોડ ભારતીયોએ એકતા કા મહાકુંભને વૈશ્વિક પ્રસંગમાં ફેરવ્યો તે ખરેખર અદ્ભુત છે. આપણા લોકોના સમર્પણ, ભક્તિ અને પ્રયત્નોથી પ્રેરિત થઈને હું ટૂંક સમયમાં શ્રી સોમનાથની મુલાકાત લઈશ, જે 12 જ્યોતિર્લિંગોમાંનું પ્રથમ છે. જેથી હું આ સામૂહિક રાષ્ટ્રીય પ્રયાસોના ફળ તેમને અર્પણ કરી શકું અને દરેક ભારતીય માટે પ્રાર્થના કરી શકું.

મહાકુંભનું ભૌતિક સ્વરૂપ ભલે મહાશિવરાત્રી પર સફળતાપૂર્વક પૂર્ણ થયું હોય, પરંતુ ગંગાના શાશ્વત પ્રવાહની જેમ મહાકુંભથી જાગૃત થયેલી આધ્યાત્મિક શક્તિ, રાષ્ટ્રીય ચેતના અને એકતા આવનારી પેઢીઓ સુધી આપણને પ્રેરણા આપતી રહેશે.



# જે લોકો દેશને ટુકડા ટુકડામાં રાખવા માંગે છે તેઓ જ દેશમાં વન નેશન વન ઈલેક્શનનો વિરોધ કરીને ટુકડા ટુકડામાં ચૂંટણી કરાવવા માંગે છે – શ્રી સુધાંશુ ત્રીવેદી



રાજ્યસભાના સાંસદ તેમજ રાષ્ટ્રીય પ્રવકતાશ્રી સુધાંશુભાઈ ત્રિવેદીજીએ વન નેશન વન ઇલેક્શન સંદર્ભે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી જેમાં ભારતમાં શા માટે વન નેશન વન ઇલેકશન જરૂરી છે એને કયા લોકો તેનો વિરોધ કરી રહ્યા છે તે અંગે માહિતી આપી હતી.

શ્રી સુધાંશુભાઈ ત્રિવેદીજીએ જણાવ્યું કે, વન નેશન વન ઇલેકશનના આર્કિટેક શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના હતા અને વન નેશનને અમૃતકાળમાં નવી ઉંચાઈ પર લઈ જનાર આર્કિટેક આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતના જ છે. આજે એક સુખદ સહયોગ છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત ખાતે 41 હજાર દિવ્યાંગ ભાઈ-બહેનોને પાંચ કિલો અનાજ દર મહિને આપવાની યોજનાનો પ્રારંભ કરશે. આ દર્શાવે છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા અને એનડીએની સરકાર દેશના દરેક વર્ગને સશક્ત કરવામાં, મજબૂત કરવા અને રાષ્ટ્રની મુખ્ય ધારામાં જોડવા સંકલ્પબદ્ધ અને પ્રયત્નશીલ છે.

શ્રી સુધાંશુભાઈ ત્રિવેદીજીએ વન નેશન વન ઇલેકશન અંગે વધુમાં જણાવ્યું કે, જે લોકો વન નેશન,વન ઇલેક્શનનો વિરોધ કરી રહ્યા છે તે રાષ્ટ્રના દરેક વિષય પર રાષ્ટ્રની શક્તિને નબળી પાડવાનો પ્રયાસ કરે છે. ચૂંટણી લોકતંત્રનું પર્વ છે અને જો પર્વ ખૂબ જ ઝપથી આવતું રહે તો કામમાં ઘણી અડચણ આવે જેના કારણે લોકતંત્રના પર્વને નિયમિત-વ્યવસ્થિત અને રાષ્ટ્રના સ્વાસ્થ્યના સુચારુ સંચાલન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધારણા આપી હતી. આ વિચારનો જે લોકો વિરોધ કરે છે તે એ લોકો છે જેમણે ભારતના દરેક નવા પરિવર્તનનો વિરોધ કર્યો છે, આ એ લોકો છે જેમણે મુદ્રા યોજનાની શરૂઆત કરી ત્યારે પણ વિરોધ કરી કહ્યું કે આટલાં એકાઉન્ટ ન ખોલી શકાય, ડિબિટી ન હોઇ શકે, જીએસટીનો વિરોધ કર્યો, આ એ લોકો છે જેઓ કહે છે કે ભારતમાં ડિજિટલાઇઝેશન ન થઈ શકે.

પૂર્વ નાણાંમંત્રી શ્રી ચિદમ્બરજીએ સંસદમાં નિવેદન આપ્યું હતું કે, ભારતના લોકો ઓછું ભણલા છે, ટેક્સ હેબિટ ઓછી છે એટલે ભારતમા ડિજિટલાઇઝેશન કરવું સંભવ નથી પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજનના સામર્થ્ય અને સમજણશક્તિ પણ સંપુર્ણ વિશ્વાસ છે જેના કારણે આજે જીએસટીનું કાર્ય સારી રીતે ચાલી રહ્યુ છે, ડિજિટલાઇઝેશનમાં ભારત વિશ્વનું નબર એક દેશ બન્યું છે અને દુનિયાનું 41 ટકા ડિજિટલાઇઝેશન ભારતમાં થાય છે જે અમેરિકા અને ચીનને ભેગું કરીએ તો પણ ભારત પ્રથમ ક્રમાંકે છે.

શ્રી સુધાંશુભાઈએ વન નેશન વન ઇલેકશન શા માટે જરૂરી છે તે અંગે જણાવ્યું કે, વન નેશન વન ઇલેક્શન વ્યવહારિક, પોલિટિકલ, સંવિધાનિક અને સોશિયલ સંદર્ભે જરૂરી છે. વન નેશન વન ઇલેક્શન દેશમાં લાગુ થવાની વ્યવહારિક પ્રક્રિયા સરળ બનશે અને સરકારના ખર્ચામાં ઘટાડો આવશે. જીડીપીમાં એક ટકા સુધીનો ગ્રોથ થવાની સંભાવના રહેશે. વન નેશન વન ઇલેક્શનના કારણે આપણા સુરક્ષાદળના હાથમાં કાયદા વ્યવસ્થાને સંભાળવાની જવાબદારી



હોય છે. તેનાથી તેમને એક જ વખત કામ સોંપી બીજાં કાર્યોમાં દેશ માટે પ્રોડક્ટિવ કાર્ય કરી શકે, તેમજ ઇલેકશન સમયે જે સરકારી કર્મચારીઓ કાર્ય કરે છે તેમને પણ એક જ વખત કાર્ય સોંપી તેમના મૂળ કામમાં પણ તેઓ ધ્યાન કેન્દ્રિત કરી શકે. વન નેશન વન ઇલેક્શન પોલિટિકલ પણ દેશની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી છે તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. વન નેશન વન ઇલેકશન સંવિધાનિક દૃષ્ટિથી પણ જરૂરી છે અને સંવિધાન નિર્માતાઓએ પણ ભારતમાં એક દેશ એક ઇલેકશન પર ભાર આપ્યો હતો. જે લોકો વન નેશન વન ઇલેક્શન પર વિરોધ કરે છે તેઓ સંવિધાન નિર્માતાઓનાં મૂળભૂત કાર્યોની મજાક ઉડાવી રહ્યા છે.

શ્રી સુધાંશુભાઈ ત્રિવેદીજીએ વધુમાં જણાવ્યું કે, જો એક વખત ચૂંટણી યોજવામાં આવે તો સમાજ કે વ્યકિત સામે નફરતભર્યાં નિવેદન રાજકીય પાર્ટીઓ કરે છે તે નહીં કરે, જેના ઉદાહરણ રૂપે સોનિયા ગાંધીએ 2007માં શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે મોતના સોદાગર શબ્દોનો પ્રયોગ કર્યો હતો એટલે કે રાજકીય નિવેદનબાજીનુ સ્તર નીચે જવાની શરૂઆત થઈ હતી. મહાકુંભ માટે પણ જે રીતે નિવેદનબાજી વિરોધી રાજકીય પાર્ટીઓ દ્વારા કરવામાં આવી તેમા લાલુ પ્રસાદ યાદવે પણ મહાકુંભને ફાલતુ ગણાવ્યો તો મમતા બેનર્જીએ પણ મહાકુંભને મૃત્યુકુંભ ગણાવ્યો. એટલે વન નેશન વન ઇલેક્શનથી આવાં નિવેદન અટકાવી શકાશે.

શ્રી સુધાંશુભાઈ ત્રીવેદીજીએ વધુમાં જણાવ્યું કે, જે લોકો એમ કહે છે કે ભારત ક્યારેય એક દેશ હતો જ નહીં. આ દેશને મુગલો, અંગ્રેજો, ઓરંગઝેબે બનાવ્યો છે તેમ કહે છે તે લોકો આજે વન નેશન વન ઇલેકશનો વિરોધ કરી રહ્યા છે. વન ઇલેકશનનનો વિરોધ એ લોકો કરે છે જે રામમંદિર નથી ગયા,જે મહાકુંભમાં સ્નાન કરવા નથી ગયા, ઓરંગઝેબનાં ગુણગાન ગાઇ રહ્યા છે તે જ લોકો આ મુદ્દે રાજનીતિ કરી વિરોધ કરી રહ્યા છે. જે લોકો દેશને ટુકડા ટુકડામાં રાખવા માંગે છે તેઓ જ દેશમાં ટુકડા ટુકડામાં ચૂંટણી કરાવવા માંગે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દરેક વસ્તુને એકતાના સૂત્રમાં જોડવા માંગી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ઇચ્છે છે.

•


**માલિકી અને અન્ય વિભાગોનું વિવરણ ફોર્મ-૪ (જુઓ નિયમ-૮) વૃત્તપત્ર કાયદા પ્રમાણે 'મનોગત' પાક્ષિક સંબંધી હકીકત**

૧. પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ,** જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

૨. પ્રકાશનની મુદત : **પાક્ષિક**

૩. મુદ્રક-પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ વતી શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

૪. તંત્રી : **શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રીલેખા ભવન, પાલડી ગામ, અમદાવાદ-૩૮૦ ૦૦૭

હું સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) સુરેન્દ્રભાઈ એમ. પટેલ
(મુદ્રક-પ્રકાશક)

# રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા પર પોસ્ટ-બજેટ વેબિનાર

# યુવાનોને નવી તકો અને વ્યવહારુ કૌશલ્ય પ્રદાન કરવા માટે પીએમ-ઈન્ટર્નશિપ યોજના શરૂ કરી – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



## આ બજેટ ભારતના ભવિષ્ય માટે એક બ્લુપ્રિન્ટ તરીકે ઊભરી આવ્યું છે

આ મહત્ત્વપૂર્ણ બજેટ વેબિનારમાં આપ સૌનું સ્વાગત અને અભિનંદન. લોકો, અર્થતંત્ર અને નવીનતામાં રોકાણ – આ એક એવી થીમ છે જે વિકસિત ભારતનો રોડમેપ વ્યાખ્યાયિત કરે છે. આ વર્ષના બજેટમાં તમે તેની અસર મોટા પાયે જોઈ શકો છો. તેથી, આ બજેટ ભારતના ભવિષ્ય માટે એક બ્લુપ્રિન્ટ તરીકે ઊભરી આવ્યું છે. રોકાણમાં આપણે જેટલી પ્રાથમિકતા માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગોને આપી છે. તેટલી જ પ્રાથમિકતા લોકો, અર્થતંત્ર અને નવીનતાને પણ આપી છે. તમે બધા જાણો છો, ક્ષમતા નિર્માણ અને પ્રતિભા સંવર્ધન દેશની પ્રગતિ માટે પાયાના પથ્થર તરીકે કાર્ય કરે છે. તેથી, હવે વિકાસના આગામી તબક્કામાં આપણે આ ક્ષેત્રોમાં વધુ રોકાણ કરવું પડશે. આ માટે, આપણા બધા હિસ્સેદારોએ આગળ આવવું પડશે. કારણ કે, દેશની આર્થિક સફળતા માટે આ જરૂરી છે. અને એ પણ, તે દરેક સંસ્થાની સફળતાનો પાયો છે.

## ભારતની શિક્ષણ પ્રણાલી 21મી સદીના વિશ્વની જરૂરિયાતો અને પરિમાણોને અનુરૂપ

મિત્રો, લોકોમાં રોકાણનું વિઝન ત્રણ સ્તંભ પર ઊભું છે – શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્યસંભાળ! આજે તમે જોઈ રહ્યા છો કે ભારતની શિક્ષણ પ્રણાલી ઘણા દાયકાઓ પછી કેવી રીતે મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, IITનું વિસ્તરણ, શિક્ષણ પ્રણાલીમાં ટેકનોલોજીનું એકીકરણ, AIની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ, પાઠ્યપુસ્તકોનું ડિજિટાઇઝેશન, 22 ભારતીય ભાષાઓમાં શિક્ષણ સામગ્રી પૂરી પાડવાનું કાર્ય, જેવા મોટા પગલાં મિશન મોડમાં ચાલી રહ્યા છે. આના કારણે, આજે ભારતની શિક્ષણ પ્રણાલી 21મી સદીના વિશ્વની જરૂરિયાતો અને પરિમાણોને અનુરૂપ છે.

## યુવાનોને નવી તકો અને વ્યવહારુ કૌશલ્ય પ્રદાન કરવા માટે પીએમ-ઈન્ટર્નશિપ યોજના શરૂ કરી છે

મિત્રો, સરકારે 2014થી 3 કરોડથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમ આપી છે. અમે 1 હજાર ITI સંસ્થાઓને અપગ્રેડ કરવાની અને 5 સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવવાની જાહેરાત કરી છે. અમારો ઉદ્દેશ્ય એ છે કે યુવાનોને તાલીમ એવી હોવી જોઈએ કે તેઓ આપણા ઉદ્યોગની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. આમાં, વૈશ્વિક નિષ્ણાતોની મદદ લઈને, અમે ખાતરી કરી રહ્યા છીએ કે અમારા યુવાનો વિશ્વ સ્તરે સ્પર્ધા કરી શકે. આ બધા પ્રયાસોમાં આપણા ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રની સૌથી મોટી ભૂમિકા છે. ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓએ એકબીજાની જરૂરિયાતોને સમજવી જોઈએ અને પૂરી કરવી જોઈએ. યુવાનોને ઝડપથી બદલાતી દુનિયા



સાથે તાલમેલ રાખવાની તક મળવી જોઈએ, તેમને એક્સપોઝર મળવો જોઈએ, તેમને વ્યવહારુ શિક્ષણ માટે એક પ્લેટફોર્મ મળવું જોઈએ. આ માટે બધા હિસ્સેદારોએ સાથે આવવું પડશે. અમે યુવાનોને નવી તકો અને વ્યવહારુ કૌશલ્ય પ્રદાન કરવા માટે પીએમ-ઇન્ટર્નશિપ યોજના શરૂ કરી છે. આપણે ખાતરી કરવી પડશે કે દરેક સ્તરે મહત્તમ સંખ્યામાં ઉદ્યોગો આ યોજનામાં ભાગ લે.

**યુવાનો માટે રોજગારની ઘણી નવી તકો પણ ઊભી થશે**

મિત્રો, અમે આ બજેટમાં 10 હજાર વધારાની મેડિકલ સીટોની જાહેરાત કરી છે. અમે આગામી 5 વર્ષમાં મેડિકલ લાઇનમાં 75 હજાર, પંચોતેર હજાર બેઠકો ઉમેરવાના લક્ષ્ય સાથે કામ કરી રહ્યા છીએ. તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આ તમામ ક્ષેત્રોમાં ટેલિ-મેડિસિન સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. ડે-કેર કેન્સર સેન્ટરો અને ડિજિટલ હેલ્થકેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા, અમે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળને છેલ્લા માઇલ સુધી લઈ જવા માંગીએ છીએ. તમે કલ્પના કરી શકો છો કે આનાથી લોકોના જીવનમાં કેટલો મોટો ફેરફાર આવશે. આનાથી યુવાનો માટે રોજગારની ઘણી નવી તકો પણ ઊભી થશે. તેમને જમીન પર ઉતારવા માટે તમારે એટલી જ ઝડપથી કામ કરવું પડશે. તો જ આપણે બજેટની જાહેરાતોના લાભો મહત્તમ લોકો સુધી પહોંચાડી શકીશું.

છેલ્લાં 10 વર્ષોમાં, આપણે ભવિષ્યવાદી વિચારસરણી સાથે અર્થતંત્રમાં રોકાણ પણ જોયું છે. જેમ તમે જાણો છો, ભારતની શહેરી વસતિ 2047 સુધીમાં લગભગ 90 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આટલી મોટી વસ્તી માટે આયોજનબદ્ધ શહેરીકરણની જરૂર છે. આ માટે, અમે 1 લાખ કરોડ રૂપિયાનું શહેરી પડકાર ભંડોળ બનાવવાની પહેલ કરી છે. આ શાસન, માળખાગત સુવિધાઓ અને નાણાકીય ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરશે, અને ખાનગી રોકાણમાં પણ વધારો કરશે. આપણા શહેરો ટકાઉ શહેરી ગતિશીલતા, ડિજિટલ એકીકરણ અને આબોહવા સ્થિતિસ્થાપકતા યોજના માટે જાણીતા હશે. આપણા ખાનગી ક્ષેત્રે, ખાસ કરીને રિયલ એસ્ટેટ અને ઉદ્યોગે, આયોજિત શહેરીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તેને આગળ ધપાવવું જોઈએ. અમૃત 2.0 અને જળ જીવન મિશન જેવાં અભિયાનોને આગળ વધારવા માટે બધાએ સાથે મળીને કામ કરવું પડશે.

**પ્રવાસન ક્ષેત્ર આપણા GDPમાં 10 ટકા સુધીનું યોગદાન આપી શકે છે આ ક્ષેત્રમાં કરોડો યુવાનોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા છે**

મિત્રો, આજે, જ્યારે આપણે અર્થતંત્રમાં રોકાણ વિશે વાત કરી રહ્યા છીએ, ત્યારે આપણે પર્યટનની સંભાવના પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. પ્રવાસન ક્ષેત્ર આપણા GDPમાં 10 ટકા સુધીનું યોગદાન આપી શકે છે. આ ક્ષેત્રમાં કરોડો યુવાનોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા છે. તેથી, આ બજેટમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે. દેશભરમાં 50 સ્થળોનો વિકાસ સાથે પર્યટન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સ્થળોએ હોટલોને માળખાગત સુવિધાનો દરજ્જો આપવાથી પર્યટનની સરળતા વધશે અને સ્થાનિક રોજગારમાં પણ વધારો થશે. મુદ્રા યોજનાનો વ્યાપ હોમ-સ્ટે માટે પણ વધારવામાં આવ્યો છે. 'હિલ ઇન ઇન્ડિયા' અને 'લેન્ડ ઓફ ધ બુદ્ધ' અભિયાનો દ્વારા વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષવામાં આવી રહ્યા છે. ભારતને વૈશ્વિક સ્તરનું પર્યટન અને સુખાકારીનું કેન્દ્ર બનાવવા માટે આ દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મિત્રો, જ્યારે આપણે પર્યટન વિશે વાત કરીએ છીએ, ત્યારે હોટેલ ઉદ્યોગ અને પરિવહન ક્ષેત્ર ઉપરાંત, પર્યટનમાં અન્ય ક્ષેત્રો માટે પણ નવી તકો છે. તેથી, હું કહીશ કે આપણા આરોગ્ય ક્ષેત્રના હિસ્સેદારોએ આરોગ્ય પર્યટનને પ્રોત્સાહન આપવા માટે રોકાણ કરવું જોઈએ, આ તકનો લાભ લેવો જોઈએ. આપણે યોગ અને સુખાકારી પર્યટનની સંપૂર્ણ સંભાવનાનો પણ ઉપયોગ કરવો જોઈએ. શૈક્ષણિક પર્યટનમાં પણ આપણી પાસે ઘણો અવકાશ છે. હું ઈચ્છું છું કે આ અંગે વિગતવાર ચર્ચા થાય અને આપણે એક મજબૂત રોડમેપ સાથે આ દિશામાં આગળ વધીએ.

**આ બજેટમાં, AI-સંચાલિત શિક્ષણ અને સંશોધન માટે 500 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે**

મિત્રો, દેશનું ભવિષ્ય નવીનતામાં કરવામાં આવતા રોકાણો દ્વારા નક્કી થાય છે. આર્ટિફિશિયલ



ઇન્ટેલિજન્સ ભારતીય અર્થતંત્રને લાખો કરોડ રૂપિયાનો વિકાસ આપી શકે છે. તેથી, આપણે આ દિશામાં ઝડપથી આગળ વધવું પડશે. આ બજેટમાં, AI-સંચાલિત શિક્ષણ અને સંશોધન માટે 500 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ભારત AI ક્ષમતાઓ વિકસાવવા માટે રાષ્ટ્રીય મોટી ભાષા મોડેલ પણ સ્થાપિત કરશે. આ દિશામાં, આપણા ખાનગી ક્ષેત્રે પણ વિશ્વથી એક કદમ આગળ રહેવાની જરૂર છે. દુનિયા એક વિશ્વસનીય, સલામત અને લોકશાહી દેશની રાહ જોઈ રહી છે જે AIમાં આર્થિક ઉકેલો પૂરા પાડી શકે. તમે આ ક્ષેત્રમાં જેટલું વધુ રોકાણ કરશો, ભવિષ્યમાં તમને તેટલો જ વધુ ફાયદો મળશે.

**સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું કોર્પસ ફંડ સંશોધનને પ્રોત્સાહન આપશે અને પ્રતિભાશાળી યુવાનોને તકો પૂરી પાડશે**

મિત્રો, ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે. સરકારે આ બજેટમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લીધાં છે. સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું કોર્પસ ફંડ પસાર કરવામાં આવ્યું છે. આનાથી ડીપ ટેક ફંડ ઓફ ફંડ્સ સાથે ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ વધશે. IIT અને IIScમાં 10 હજાર રિસર્ચ ફેલોશિપની જોગવાઈ કરવામાં આવી છે. આ સંશોધનને પ્રોત્સાહન આપશે અને પ્રતિભાશાળી યુવાનોને તકો પૂરી પાડશે. નેશનલ જીઓ-સ્પેશિયલ મિશન દ્વારા નવીનતા અને નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંશોધનને વેગ આપવામાં આવશે. સંશોધન અને નવીનતાના ક્ષેત્રમાં ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે આપણે દરેક સ્તરે સાથે મળીને કામ કરવું પડશે.

મિત્રો, જ્ઞાન ભારતમ મિશન, અને મને આશા છે કે, તમે બધા આ વાતમાં આગળ આવશો, જ્ઞાન ભારતમ મિશન દ્વારા ભારતના સમૃદ્ધ હસ્તપ્રત વારસાને સાચવવાની જાહેરાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ મિશન દ્વારા, એક કરોડથી વધુ હસ્તપ્રતોને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવશે. જે પછી એક રાષ્ટ્રીય ડિજિટલ ભંડાર બનાવવામાં આવશે, જેથી વિશ્વભરના વિદ્વાનો અને સંશોધકો ભારતના ઐતિહાસિક અને પરંપરાગત જ્ઞાન અને શાણપણને જાણી શકે. ભારતના વનસ્પતિ આનુવંશિક સંસાધનોને જાળવવા માટે સરકાર દ્વારા રાષ્ટ્રીય જનીન બેંકની સ્થાપના કરવામાં આવી રહી છે. અમારી પહેલનો ઉદ્દેશ્ય ભાવિ પેઢીઓ માટે આનુવંશિક સંસાધનો અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. આપણે આવા પ્રયાસોનો વ્યાપ વધારવાની જરૂર છે. આપણી વિવિધ સંસ્થાઓ અને ક્ષેત્રોએ આ પ્રયાસોમાં ભાગીદારી કરવી જોઈએ.

**એ દિવસ દૂર નથી જ્યારે ભારત 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે**

મિત્રો, ફેબ્રુઆરીમાં ભારતીય અર્થતંત્ર પર IMFના અદ્ભુત અવલોકનો પણ આપણા બધાની સામે છે. આ અહેવાલ મુજબ, 2015થી 2025 વચ્ચે 2015થી 2025 વચ્ચે, આ 10 વર્ષોમાં, ભારતની અર્થવ્યવસ્થાએ છાસઠ ટકા એટલે કે 66 ટકાનો વિકાસ નોંધાવ્યો છે. ભારત હવે 3.8 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની ગયું છે. આ વૃદ્ધિ ઘણી મોટી અર્થવ્યવસ્થાઓ કરતાં વધુ છે. એ દિવસ દૂર નથી જ્યારે ભારત 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે. આપણે યોગ્ય દિશામાં આગળ વધવું પડશે, યોગ્ય રોકાણ કરવું પડશે, અને આ રીતે આપણી અર્થવ્યવસ્થાનો વિસ્તાર કરવો પડશે. અને બજેટ જાહેરાતોનો અમલ પણ આમાં મોટી ભૂમિકા ભજવે છે, તમારા બધાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. આપ સૌને મારી શુભકામનાઓ. અને મને પૂરો વિશ્વાસ છે કે અમે છેલ્લા કેટલાક વર્ષોથી બજેટ જાહેર કરવાની પરંપરા તોડી નાખી છે, કે તમે તમારો ભાગ ભજવો અને અમે અમારું કરીશું. બજેટ તૈયાર થાય તે પહેલાં અમે તમારી સાથે બેસીએ છીએ, બજેટ તૈયાર થયા પછી પણ, તેની જાહેરાત થયા પછી પણ, જે પણ બાબતો આવે તેને અમલમાં મૂકવા માટે અમે તમારી સાથે બેસીએ છીએ. કદાચ જાહેર ભાગીદારીનું આ મોડેલ ખૂબ જ દુર્લભ છે. અને મને ખુશી છે કે દર વર્ષે આ વિચારમંથન કાર્યક્રમ વેગ પકડી રહ્યો છે, લોકો ઉત્સાહથી જોડાઈ રહ્યા છે અને દરેકને લાગે છે કે બજેટ પહેલાં આપણે જે બાબતોની ચર્ચા કરીએ છીએ તે બજેટ પછી અમલીકરણ માટે વધુ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી છે. મને વિશ્વાસ છે કે આપણા બધાનું આ સામૂહિક વિચારમંથન આપણા સપનાઓને, 140 કરોડ દેશવાસીઓના સપનાઓને પૂર્ણ કરવામાં મોટી ભૂમિકા ભજવશે. આપ સૌને મારી શુભકામનાઓ.



# આપણી કેન્દ્ર સરકારની સિદ્ધિઓ

## પીએમ-કિસાનનો 19મો હપ્તો બહાર પાડવામાં આવ્યો ૯.૮ કરોડ ખેડૂતોને ૧૦૦૦ રૂપિયા આપ્યા ૨૨,૦૦૦ કરોડથી વધુના હપ્તા જારી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બિહારના ભાગલપુરમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો ૧૯મો હપ્તો રજૂ કર્યો. ૧૯મા હપ્તાના પ્રકાશનથી દેશભરના ૨.૪૧ કરોડ મહિલા ખેડૂતો સહિત ૯.૮ કરોડથી વધુ ખેડૂતોને લાભ થશે, તેમને કોઈપણ વચેટિયાની સંડોવણી વિના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા ૨૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સીધી નાણાકીય સહાય મળશે, જે ખેડૂત કલ્યાણ અને કૃષિ સમૃદ્ધિ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ હપ્તા સાથે, આ યોજના દેશભરના ખેડૂતોને સહાય પૂરી પાડશે અને ગ્રામીણ વિકાસ અને કૃષિ સમૃદ્ધિ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે. અગાઉ, 5 ઓક્ટોબર, 2024 ના રોજ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વાશિમ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો 18મો હપ્તો રજૂ કર્યો હતો. આ સીમાચિહ્નરૂપ કાર્યક્રમ હેઠળ, દેશભરના 9.4 કરોડથી વધુ ખેડૂતોને 20,000 કરોડ રૂપિયાથી વધુનો સીધો નાણાકીય લાભ મળ્યો.

પીએમ-કિસાન એ જમીનધારક ખેડૂતોની નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ફેબ્રુઆરી, 2019 માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ એક કેન્દ્રીય યોજના છે. આ યોજના હેઠળ, ખેડૂતોના આધાર લિંક્ડ બેંક ખાતાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા દર વર્ષે 6,000 રૂપિયાનો નાણાકીય લાભ ત્રણ સમાન હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. ખેડૂત-કેન્દ્રિત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ખાતરી કરી છે કે યોજનાના લાભો કોઈપણ વચેટિયાઓની સંડોવણી વિના દેશભરના તમામ ખેડૂતો સુધી પહોંચે. સરકારે શરૂઆતથી ફેબ્રુઆરી, 2025 સુધી 18 હપ્તામાં 3.46 લાખ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે, જેમાં લાભાર્થીઓની નોંધણી અને ચકાસણીમાં સંપૂર્ણ પારદર્શિતા જાળવી રાખવામાં આવી છે.

## કેન્દ્ર સરકાર આગામી ચાર વર્ષ માટે રાજ્યોના તુવેર, અડદ અને મસૂરના ઉત્પાદનનો 100 ટકા હિસ્સો ખરીદશે

ભારત સરકારે 15મા નાણા પંચ ચક્ર દરમિયાન 2025-26 સુધી સંકલિત પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (PM-ASHA) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે. સંકલિત પીએમ-આશા યોજના ખરીદી કામગીરીના અમલીકરણમાં વધુ અસરકારકતા લાવવા માટે ચલાવવામાં આવે છે જે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે નફાકારક ભાવ પૂરા પાડવામાં મદદ કરશે, પરંતુ ગ્રાહકોને પોષણક્ષમ ભાવે તેમની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરીને આવશ્યક ચીજવસ્તુઓની કિંમતમાં થતી અસ્થિરતાને પણ નિયંત્રિત કરશે. પીએમ-આશા યોજનાની ભાવ સહાય યોજના હેઠળ, નિર્ધારિત વાજબી સરેરાશ ગુણવત્તાને અનુરૂપ સૂચિત કઠોળ, તેલીબિયાં અને કોપરાની ખરીદી કેન્દ્રીય નોડલ એજન્સીઓ (CNA) દ્વારા રાજ્ય સ્તરની એજન્સીઓ દ્વારા પૂર્વ-નોંધાયેલા ખેડૂતો પાસેથી સીધા MSP પર કરવામાં આવે છે. કઠોળના સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા, સરકારે ખરીદી વર્ષ 2024-25 માટે રાજ્યના ઉત્પાદનના 100 ટકા જેટલા PSS હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીને મંજૂરી આપી છે. સરકારે બજેટ 2025માં એવી પણ જાહેરાત કરી છે કે દેશમાં કઠોળમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે આગામી ચાર વર્ષ સુધી કેન્દ્રીય નોડલ એજન્સીઓ દ્વારા રાજ્યના ઉત્પાદનના 100 ટકા સુધી તુવેર, અડદ અને મસૂરની ખરીદી ચાલુ રાખવામાં આવશે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ખરીફ 2024-25 સીઝન માટે ભાવ સહાય યોજના હેઠળ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઉત્તર પ્રદેશમાં કુલ 13.22 LMT તુવેર (અરહર) ની ખરીદીને મંજૂરી આપી છે.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત મુલાકાતની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.